RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 67* Date: 02.01.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ખેડૂતોના ખાતામાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયા વીડિયો કોન્ફરન્સથી વડાપ્રધાન મોદી દ્વારા ટ્રાન્સફર કરાયા




નવીદિલ્હી,તા.૧

નવા વર્ષ પર ખેડૂતોને વડાપ્રધાન મોદી મોટી ભેટ આપવા જઈ રહ્યા છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, તેઓ ખેડૂતોને યોજનાના દસમા હપ્તાની રકમ જાહેર કરી . ૧ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન ૧૦ કરોડ ખેડૂત પરિવારોના બેંક ખાતામાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા. આપને જણાવી દઈએ કે પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોના બેંક ખાતામાં ૧.૬ લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

તેનાથી ૧.૨૪ લાખ ખેડૂતોને ફાયદો થશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન ૧૦ કરોડ ખેડૂતોના ખાતામાં પૈસા ટ્રાન્સફર કર્યા છે. ત્યારે આ પ્રસંગે લગભગ ૩૫૦ ખેડૂત ઉત્પાદક સંગઠનોને ૧૪ કરોડ રૂપિયાની ઈક્વિટી ગ્રાન્ટ પણ બહાર પાડવામાં આવી છે.

આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપે છે. સરકાર આ પૈસા ત્રણ હપ્તાના રૂપમાં આપે છે. એટલે કે, તમને ૪ મહિનાના તફાવત પર ૨૦૦૦ રૂપિયાની રકમ મળે છે. આ પૈસા સીધા તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર થાય છે. અત્યાર સુધીમાં, સરકારે આ યોજના હેઠળ ખેડૂતોના બેંક ખાતામાં ૧.૬ લાખ કરોડ રૂપિયાનું માનદ વેતન ટ્રાન્સફર કર્યું છે.

## ભાગદોડમાં માર્યા ગયેલા લોકોનાં પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

# વૈષ્ણોદેવી મંદિર પરિસરમાં ભાગદોડ થતાં ૧૨ લોકોનાં મોત





શ્રીનગર,તા.૧

જમ્મુ કાશ્મીરના કટરા ખાતે આવેલા માતા વૈષ્ણોદેવી ભવન ખાતે શનિવારે સવારે થયેલી ભાગદોડમાં ૧૨ લોકોનાં મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. ભાગદોડમાં ૧૩ લોકો ઘાયલ થયાના સમાચાર છે. પોલીસ કંટ્રોલ રૂમના જણાવ્યા પ્રમાણે ભાગદોડના સમાચાર મળતાની સાથે જ રાહત અને બચાવ કામગારી શરૂ કરી દેવામાં આવી હતી. કટરા સ્થિત હૉસ્પિટલના બીએમઓ ડૉક્ટર ગોપાલ દત્તે જણાવ્યું કે અમારી પાસે ૧૨ લોકોનાં મૃતદેહ પહોંચી ગયા છે. ભાગદોડ બાદ હાલ યાત્રા પર રોક લગાવી દેવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંઘનું કહેવું છે કે, કટરા ખાતે આવેલા માતા વૈષ્ણોદેવી પરિસરમાં થયેલી ભાગદોડમાં ૧૨ લોકોનાં મોત થયા છે જ્યારે ૧૩ લોકો ઘાયલ થયા છે. બનાવ રાત્રે ૨:૪૫ વાગ્યે બન્યો હતો. પ્રાથમિક રિપોર્ટ પ્રમાણે અમુક લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદમાં લોકો એકબીજાને ધક્કો મારવા લાગ્યા હતા. પરિણામ એ આવ્યું કે અહીં ભાગદોડ મચી ગઈ હતી.તંત્ર તરફથી આપવામાં આવેલા જાણકારી પ્રમાણે અત્યાર સુધી જે લોકોની ઓળખ થઈ છે તેમના નામ ૧) ધીરજકુમાર તરલોક કુમાર ઉ.વ. ૨૬- નૌશેરા રાજૌરી,૨) શ્વેતાસિંહ વિક્રાંતસિંહ ઉ.વ. ૩૫- ગાઝિયાબાદ, ઉત્તર પ્રદેશ ૩) વિનય કુમાર ઉ.વ. ૨૪- બદરપુર, દિલ્હી,૪) સોનૂ નરિંદર પાંડે. ઉં.વ.૨૪- બદરપુર, દિલ્હી,૫) મમતા સુરિન્દર, ઉં.વ ૩૮- બેરી ઝજ્જર, હરિયાણા,,૬) ધર્મવીરસિંહ, ઉં.વ. ૩૫- સહરાનપુર, ઉત્તર પ્રદેશ,૭) વનીત કુમાર વિરામપાલસિંહ, ઉં.વ. ૩૮- સહારનપુર, ઉત્તર પ્રદેશ,૮) ડૉક્ટર અરુણ પ્રતાપ સિંહ, ઉં.વ. ૩૦- ગોરખપુર, ઉત્તર પ્રદેશ

કટરા ખાતે ભાગદોડમાં માર્યા ગયેલા લોકો માટે સહાયની જાહેરાત કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ જણાવ્યું છે કે, ભાગદોડમાં માર્યા ગયેલા લોકોનાં પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. આ બનાવમાં ઘાયલ થયેલા લોકોને ૨-૨ લાખ રૂપિયાની સહાય રકમ આપવામાં આવશે. કેન્દ્ર સરકાર તરફથી પણ માર્યા ગયેલા પ્રત્યેક વ્યક્તિના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા તેમજ ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ બનાવ અંગે નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યુ કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરીને તેમને બનાવ અંગે જાણકારી આપી છે. વડાપ્રધાન મોદીએ શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી છે. આજની ભાગદોડ અંગે તપાસના આદેશ આપી દેવાયા છે. માતા વૈષ્ણોદેવી મંદિર પરિસરમાં ભાગદોડથી થયેલા મોતથી ખૂબ દુઃખી છું. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના, ઘાયલ લોકો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરું છું. ઘટના અંગે વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું છે. સાથે જ તેમણે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાને ફોન કરીને બનાવ અંગે માહિતી મેળવી છે. પીએમ મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, ×માતા વૈષ્ણોદેવી ભવન ખાતે થયેલી ભાગદોડમાં લોકોનાં જીવ ગયાના સમાચાર દુઃખી કરનારા છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના. ઈજાગ્રસ્ત લોકો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના. જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિંહા સાથે વાતચીત કરીને સ્થિતિ અંગે માહિતી મેળવી છે.×

કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દુર્ઘટના પર ટ્વિટ કર્યું છે. રાહુલ ગાંધીએ લખ્યું છે કે, ×માતા વૈષ્ણોદવી મંદિરમાં થયેલી ભાગદોડની દુર્ઘટના ખૂબ જ દુઃખદ છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી શોક સંવેદના. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના.×

રક્ષામંત્રી રાજનાથ સિંહે ટ્વિટ કરીને લખ્યું છે કે, ×માતા વૈષ્ણોદેવી ખાતે ભાગદોડનો બનાવ હચમચાવી દે તેવો છે. લોકોના મોતથી ખૂબ દુઃખ થયું છે. આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે મારી સંવેદના. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરું છું. માતા વૈષ્ણોદેવી મંદિર ખાતે થયેલી દુઃખદ દુર્ઘટનાથી હૃદય ખૂબ જ વ્યથિત છે. આ અંગે મેં જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ શ્રી મનોજ સિંહા સાથે વાતચીત કરી છે. તંત્ર ઘાયલોને સારવાર પહોંચાડવા માટે સતત કાર્યરત છે. બનાવમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.×ભાગદોડના બનાવ અંગે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ હેલ્પલાઈન નંબર:૦૧૯૯૧-૨૩૪૮૦૪,૦૧૯૯૧-૨૩૪૦૫૩,અન્ય હેલ્પલાઈન નંબરઃ,પીસીઆર કટરા-૦૧૯૯૧૨૩૨૦૧૦/૯૪૧૯૧૪૫૧૮૨,પીસીઆર શાસન- ૦૧૯૯૧૪૫૦૭૬/૯૬૨૨૮૫૬૨૯૫,ડીસી કાર્યાલય કંટ્રોલ રૂમ- ૦૧૯૯૧૨૪૫૭૬૩/૯૪૧૯૮૩૯૫૫૭

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૨ હજારથી વધુ કેસ

નવીદિલ્હી,તા.૧

દેશમાં કોરોનાનાં ઓમિક્રોન વેરિઅન્ટનાં કેસ વધવાની પ્રક્રિયા ચાલુ છે. કોરોનાનો વેરિઅન્ટ લોકોમાં આ ચિંતાનો વિષય બની ગયો છે. દરમ્યાન, શનિવારે કોવિડ-૧૯નાં કેસમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન, કોરોના વાયરસનાં ૨૨ હજારથી વધુ કેસની પુષ્ટિ થઈ છે અને ૪૦૦ થી વધુ દર્દીઓનાં મોત થયા છે. ખતરનાક કોરોના વાયરસનો પ્રકોપ અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યામાં વધારો થવાથી ચિંતા વધી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯ નાં ૨૨,૭૭૫ નવા કેસ નોંધાયા છે. આ સિવાય આ ચેપથી ૮,૯૪૯ લોકો સાજા થયા છે અને કુલ ૪૦૬ લોકોનાં મોત થયા છે. દેશમાં કોરોના વાયરસનાં ઓમિક્રોન વેરિઅન્ટનાં કેસ પણ સતત મળી રહ્યા છે. હાલમાં, દેશમાં આ વેરિઅન્ટનાં કુલ ૧,૪૩૧ કેસ છે. દેશમાં હાલમાં સક્રિય કેસોની સંખ્યા ૧,૦૪,૭૮૧ છે. આ સિવાય રિકવરી રેટ ૯૮.૩૨ ટકા છે. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર દેશમાં અત્યાર સુધીમાં ૧૪૫.૧૬ કરોડ વેક્સીન ડોઝ આપવામાં આવ્યા છે. દેશમાં દરરોજ આ વાયરસથી સંક્રમિત લોકોનો દર ૨.૦૫ ટકા છે. વળી, દર અઠવાડિયે ૧.૧૦ ટકાનાં દરે લોકો આ સંક્રમણથી સંક્રમિત થઈ રહ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૬૭.૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના ઘટાડો

નવીદિલ્હી,તા.૧

સાર્વજનિક ક્ષેત્રની પેટ્રોલિયમ માર્કેટિંગ કંપની ઈન્ડિયન ઓઈલ ૧ જાન્યુઆરીથી કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના ઘટાડાને મોટી ભેટ આપી છે. જો કે, ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવના કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

અગાઉ ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ઈન્ડિયન ઓઈલે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો થયો હતો. ડિસેમ્બરમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જોકે સામાન્ય લોકો માટે રાહતની વાત એ છે કે ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં ત્યારે કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો અને આ વખતે પણ કિંમત સ્થિર છે. કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડાના કારણે રેસ્ટોરન્ટ અને હોટલ ચલાવતા વેપારીઓને ઘણી રાહત મળશે. ઈન્ડિયન ઓઈલ દ્વારા સિલિન્ડરના ભાવમાં ઘટાડા બાદ દેશના મોટા શહેરો પર નજર કરીએ તો કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાના ઘટાડા બાદ દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૨૦૦1 રૂપિયા થઈ ગઈ છે. . કોલકાતામાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ૨૦૭૭ રૂપિયામાં મળશે. તે જ સમયે, મુંબઈમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૧૯૫૧ રૂપિયા થઈ ગઈ છે.

### ગુજરાતમાં ઠંડીનું જોર વધશે, તાપમાન ૨-૪ ડિગ્રી ઘટી જશે

# હિમાલયમાં હિમવર્ષાથી ઉત્તર ભારતમાં શીત લહેરની આગાહી

નવીદિલ્હી,તા.૧

રાજ્યમાં અમદાવાદ સહિત સતત બે દિવસ સુધી વાતાવરણમાં પલટો આવ્યા બાદ તાપમાનનો પારો ગગડ્યો છે. વાદળો હટતાની સાથે જ રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. નવા વર્ષના પહેલા સપ્તાહમાં પશ્ચિમ ઉત્તર ભારતથી પૂર્વ તથા મધ્ય ભારત સુધી તમામ વિસ્તારોમાં શીતલહેરની આશંકા છે. તાપમાનમાં ઘટાડાનો દોર ૩ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. ૪ જાન્યુઆરીએ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સુધીની વૃદ્ધિ થઈ શકે છે. ગુજરાતમાં પણ લઘુત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસની વૃદ્ધિ થશે.

હવામાન વિભાગ મુજબ, ૪ જાન્યુઆરીએ હિમાલયી ક્ષેત્રમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનું આગમન થવાનું છે. તેનાથી કાશ્મીર, લદાખ, હિમાચલ તથા ઉત્તરાખંડમાં ૫-૬ જાન્યુઆરીને બરફવર્ષા થઈ શકે છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન, દિલ્હી તથા પશ્ચિમ યુપીમાં અલગ-અલગ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે અને ત્યારબાદ ૭-૮ જાન્યુઆરીએ ફરી એક વાર તાપમાનમાં ઘટાડો નોંધાશે.

છેલ્લા કેટલાક દિવસોથી પંજાબ,રાજસ્થાન, હરિયાણા તથા પશ્ચિમ યૂપી અને ઉત્તર મધ્ય પ્રદેશના અનેક હિસ્સામાં લઘુત્તમ તાપમાન ૨થી ૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે જ રહ્યું. ૩ જાન્યુઆરી સુધી પહાડી રાજ્યોની સાથે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન તથા યૂપીમાં શીતલહેરની સ્થિતિ રહેશે.

મધ્ય પ્રદેશમાં આગામી બે દિવસ સુધી હાડ થીજવતી ઠંડી પડવાની શક્યતા છે. ૩ જાન્યુઆરી સુધી મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પૂર્વ યૂપી, બિહાર અને પૂર્વોત્તરમાં સવાર તથા રાતના સમયે ઘેરું ધુમ્મસ રહી શકે છે. દેશના બાકી હિસ્સામાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નથી થાય.

બીજી તરફ, ચેન્નઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૧ મિમી વરસાદ નોંધાયો, જે ડીસેમ્બર મહિનામાં ૨૦૧૫ બાદ સૌથી વધુ છે. આ પહેલા ૨ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ ૨૯૪ મિમી વરસાદ પડ્યો હતો. ચેન્નઈમાં વરસાદ ૨ જાન્યુઆરી સુધી પડી શકે છે. તમિલનાડુમાં ગુરુવારે રાતથી ઓચિંતો વરસાદ તૂટી પડતા ચેન્નઈ સહિત વિવિધ જિલ્લામાં જળબંબાકાર સર્જાયો હતો. તમિલનાડુ સરકારે જણાવ્યું હતું કે હવામાન વિભાગ સામાન્યપણે વરસાદની આગાહી કરતું હોય છે પણ આ વરસાદ વિશે હવામાન વિભાગને પણ કોઈ અંદાજ નહોતો. ચેન્નઈમાં ૨૦ સેમી સુધી વરસાદને કારણે ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના એક શોપિંગ મોલમાં ફૉલ્સ સિલિંગ તૂટી પડી હતી. રાજ્યમાં વરસાદ સબંધિત અકસ્માતોમાં ૩ લોકોના મોત નિપજ્યાં હતા. ચેન્નઈ એરપોર્ટ પર પણ પાણી ફરી વળ્યા હતા. ચેન્નઈમાં ઠેરઠેર પાણી ભરાઈ જતા ૧૫૦થી વધુ પમ્પ કાર્યરત કરવામાં આવ્યા હતા.ચેન્નઈમાં વર્ષના છેલ્લા દિવસે સાંજે ઠેરઠેર ટ્રાફીક જામ સર્જાયો હતો. હવામાન વિભાગે જો કે આગામી દિવસોમાં રાજ્યમાં વધુ વરસાદની આગાહી કરી છે.

## ભારતે મહાવિનાશક પરમાણુ સબમરીન લોન્ચ કરી

(વિશાખાપટ્ટનમ,તા.૧

બ્રિટનની જેન્સ ડિફેન્સ જર્નલે સેટેલાઈટ તસવીરોના આધારે એવો દાવો કર્યો છે કે ભારતે શક્તિશાળી પરમાણુ સબમરીન એસ-૪ લોંચ કરી દીધી છે. આ સબમરીનની મારક ક્ષમતા ૩૫૦૦ કિ.મી.ની છે. એમાં આઠ કે-૪ સબમરીન લોંચ બેલાસ્ટિક મિસાઈલ વહન કરવાની પણ ક્ષમતા છે.અહેવાલમાં દાવો થયો હતો કે ભારતે ગત ૨૩મી નવેમ્બરે વિશાખાપટ્ટનમ્ સ્થિત ગુપ્ત શિપ બિલ્ડિંગ સેન્ટરમાં અરિહંત શ્રેણીની એસ-૪ મિસાઈલ લોંચ કરી છે. આ મિસાઈલ અરિહંત શ્રેણીની સૌથી લેટેસ્ટ આવૃત્તિ છે. તેને ડીઆરડીઓ અને ઉર્જા વિભાગે સંયુક્ત રીતે વિકસાવી છે. સાત હજાર ટન વજનની આ સબમરીનમાં આઠ મિસાઈલ લોંચ ટ્યૂબ લગાવેલા છે. તેનો અર્થ એ કે એમાં આઠ પરમાણુ બેલાસ્ટિક મિસાઈલ વહન થઈ શકે છે. સંરક્ષણ ક્ષેત્રની આ જર્નલમાં કહેવામાં આવ્યું હતું કે ભારતે ચુપકિદીથી આ પરમાણુ સંચાલિત સબમરીન લોંચ કરીને નૌકાદળની શક્તિમાં વધારો કર્યો છે. અગાઉ આ જ શ્રેણીની આઈએનએસ અરિઘાત અને આઈએનએસ અરિહંત લોંચ થઈ ચૂકી છે. અરિહંતમાં મિસાઈલ લોંચ ટ્યૂબની સંખ્યા ચાર હતી. આ લેટેસ્ટ સબમરીનમાં એ વધીને આઠ થઈ ગઈ છે. ૩૫૦૦ કિલોમીટરની મારક ક્ષમતા ધરાવતી આ સબમરીનમાં ૨૪ કે-૧૫ મિસાઈલો પણ તૈનાત થઈ શકશે. ભારતમાં કે-૪ મિસાઈલોના પરીક્ષણો થઈ રહ્યા છે.

## ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકો માટે રજીસ્ટ્રેશન કરાવવા લોકોને કેન્દ્રિય આરોગ્ય મંત્રીએ આગ્રહ કર્યો

નવીદિલ્હી,તા.૧

કોરોનાનાં વધતા જતા કેસ વચ્ચે ભારતમાં રસીકરણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. દરમ્યાન હવે ૧૫ વર્ષથી ૧૮ વર્ષનાં બાળકોને કોરોનાની રસી આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે, આજથી રસીકરણ માટે કોવિન પોર્ટલ પર નોંધણી શરૂ થઈ રહી છે. જણાવી દઈએ કે, ૨૫ ડિસેમ્બર, ૨૦૨૧નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫-૧૮ વર્ષની વય જૂથ માટે રસીકરણ શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ૩ જાન્યુઆરીએ સોમવારથી તેની શરૂઆત કરવામાં આવશે. વળી, હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સ માટે પણ મોટી જાહેરાત કરવામાં આવી હતી. ~મોદીએ કહ્યું હતું કે, સરકારે નિર્ણય લીધો છે કે આરોગ્ય સંભાળ અને ફ્રન્ટલાઈન કાર્યકરોને વેક્સિનની ત્રીજી પ્રિકોશન ડોઝ આપવામાં આવશે. તે સોમવાર, ૧૦ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે. ૧૫-૧૮ વર્ષની વય જૂથ માટે રસીકરણનાં સંદર્ભમાં, કેન્દ્રીય આરોગ્ય સચિવે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને જાણ કરી છે કે આ સીરીઝમાં ફક્ત 'કોવેક્સિન' જ આપવાની છે. જણાવી દઈએ કે, બાળકોને કોરોનાની રસી આપવા અંગે કેન્દ્રિય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટ કરતા લખ્યુ કે, બાળકો સુરક્ષિત, તો દેશનું ભવિષ્ય સુરક્ષિત! નવ વર્ષનાં અવસર પર આજથી ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકોને કોવિડ ૧૯ રસીકરણ હેતુ કોવીન પોર્ટલ પર રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવી રહ્યુ છે. મારુ પરિવારજનોને આગ્રહ છે કે પાત્ર બાળકોનાં રસીકરણ હેતુ તેમનુ રજીસ્ટ્રેશન કરાવો.

## ભારતની ઈકોનોમીનો વિકાસ દર ૮ ટકા કરતા વધારે, ૫૦૦૦૦ સ્ટાર્ટ અપ કાર્યરત છેઃ પીએમ મોદી

નવી દિલ્હી,તા.૧

પીએમ મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ થકી ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ૧૦મુ ઈન્સ્ટોલમેન્ટ આપ્યુ છે.૧૦ કરોડથી વધારે ખેડૂતોને ૨૦૦૦૦ કરોડ રુપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે અને ૩૫૧ ખેડૂત ઉત્પાદક સંગઠનોને ૧૪ કરોડની ગ્રાન્ટ પણ રિલિઝ કરાઈ છે. આ કાર્યક્રમ બાદ પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યુ છે કે, ભારતની ઈકોનોમીનો વિકાસ દર ૮ ટકાથી વધારે છે.વિદેશનુ રેકોર્ડ બ્રેક રોકાણ ભારત આવી રહ્યુ છે.ભારતના વિદેશી હુંડિયામણનો ભંડાર પણ રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે.જીએસટી કલેક્શન પણ જુના રેકોર્ડ તોડી રહ્યુ છે.કૃષિ પેદાશોની નિકાસમાં પણ નવા રેકોર્ડ સ્થપાયા છે.તેમણે કહ્યુ હતુ કે, આ માટે કેટલાય લોકો પોતાનુ જીવન ખપાવી રહ્યા છે.જોકે તેમના કામને હવે ઓળખ મળી રહી છે.દરેક ભારતીયની તાકાત દેશના વિકાસને નવી ગતિ આપી રહી છે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ભારતે ૨૦૨૧માં ૭૦ લાખ કરોડ રુપિયાની લેવડ દેવડ યુપીઆઈથી કરી છે.ભારતમાં ૫૦૦૦૦ થી વધારે સ્ટાર્ટ અપ્સ કામ કરી રહ્યા છે.જેમાંથી ૧૦૦૦૦ સ્ટાર્ટ અપ તો છેલ્લા ૬ મહિનામાં સ્થપાયા છે.

## તંત્રી સ્થાનેથી...

# પાકિસ્તાનમાં હિન્દુઓ પર મજહબી અત્યાચારો કેમ?

*પાકિસ્તાનના ઇમરાન ખાને કહ્યું છે કે હિન્દુઓની જાન-માલનું રક્ષણ થવું જોઇએ. ઇમરાન ખાનનું આ નિવેદન તાજેતરમાં જ પાકિસ્તાનમાં એક પ્રસિદ્ધ હિન્દુ મંદિર, હિન્દુ ધર્મશાળા અને હિન્દુઓના અનેક ઘરોને આગ ચાંપી દેવાની હિચકારી અને બિભત્સ ઘટના બાદ આવ્યું છે. ઉલ્લેખનીય છે કે તથાકથિત ઇસ્લામિક સંગઠનોએ એક હિન્દુ યુવક પર કુરાનનું અપમાન કરવાનો ખોટો આરોપ મૂકી ઉક્ત ઘટનાને અંજામ આપ્યો હતો. આ ઘટના બાદ હિન્દુ સમુદાય ભયના ઓથારે છે અને હિન્દુઓએ સુરક્ષા માટે આજીજી કરી છે.*

*પરંતુ દુર્ભાગ્ય એ છે કે ઇમરાન ખાનની સરકાર પોલીસ અને ન્યાયતંત્ર પણ ધાર્મિક માનસિકતાથી પીડાઇ રહેલા લોકો વિરૂદ્ધ કાર્યવાહી કરતાં ખચકાય છે. આવી સ્થિતિમાં હિન્દુ ન્યાયની માંગ કરે તો કોને કરે, હિન્દુઓની સુરક્ષા કોણ કરશે? નિર્ણાયક રીતે હિન્દુ પાકિસ્તાનમાં ભાગ્યના ભરોસે જ જીવનનું ગાડુ ગબડાવી રહ્યાં છે.*

*ઇમરાન ખાનના ઉક્ત નિવેદન સામે અનેક પ્રશ્નો ખડા થાય છે જે તેમની જ ઘેરાબંદી કરે છે તથા તેઓ પણ હિન્દુઓ માટે ખલનાયક પુરવાર થાય છે. સૌથી નિર્ણાયક પ્રશ્ન એ છે કે ઇમરાન ખાનની સરકારે અત્યાર સુધી હિન્દુઓની સુરક્ષા માટે કેવા પગલાં ભર્યા છે? ઇમરાન ખાન દ્વારા શું માત્ર હિન્દુઓની સુરક્ષા સંબંધી નિવેદન આપવા માત્રથી હિન્દુઓને સુરક્ષા મળી જશે? હિન્દુ-ખ્રિસ્તીઓ વિરૂદ્ધ મજહબી તલવાર ચલાવનારા આતંકવાદી સંગઠનોને વિરૂદ્ધ કોઇ કડક પગલાં કેમ લેવાતા નથી? પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયની રક્ષા માટે ધર્મનિરપેક્ષ શક્તિઓ આગળ કેમ નથી આવતી, તેમનો અવાજ વિશ્વમાં કેમ ગૂંજતો નથી? હિન્દુઓની સુરક્ષા માટે હજી લગી કોઇ કાયદો કેમ ઘડાયો નથી? પોલીસ અને ન્યાયતંત્ર હિન્દુઓની કત્લેઆમ કરનારા ઇસ્લામિક સંગઠનો અને આતંકવાદીઓને કાબુમાં લેવામાં અને તેમને કાયદાનો પાઠ ભણાવવા માટે આગળ કેમ નથી આવતા? સમગ્ર વિશ્વમાં ઇશ નિંદા કાયદાને નાબુદ કરવાની માંગ ઉઠતી રહે છે તો પછી પાકિસ્તા સરકાર આ કાયદાને નાબૂદ કરવા માટે પગલાં કેમ નથી ભરતી? એ જાહેર થઇ ચૂક્યું છે કે ઇશનિંદા કાયદો હિન્દુ-ખ્રિસ્તીઓના કત્લેઆમનો હથકંડો છે, તેમને મુસ્લિમ બનાવવાનું હથિયાર છે. અત્યાર સુધી ઇશનિંદા કાયદા અંતર્ગત અનેક હિન્દુઓ અને ખ્રિસ્તીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. તેમના ઘરોને આગને હવાલે કરી દેવામાં આવ્યા છે. તેમ છતાં પાકિસ્તાનમાં ઇશનિંદા કાયદાને નાબૂદ કરવાનો પ્રયાસ સુદ્ધાં થઇ રહ્યો નથી.*

*હિન્દુ કત્લેઆમ, હિન્દુ અત્યાચારની કસોટી પર જો આપણે ઇમરાન ખાને પારખીશું તો દેખીતી રીતે પ્રતીત થાય છે કે તેઓ કોઇ પણ સ્થિતિમાં 'પ્રમાણિકહ્વ નથી, તેઓ હિન્દુઓની સુરક્ષાને લઇને લગીરેય ગંભીર નથી. હિન્દુ-ખ્રિસ્તીઓની કત્લેઆમ કરનારા, તેમને બળજબરીપૂર્વક અને ધર્મ પરિવર્તન કરાવનારા મુલ્લા-મૌલવીઓ અને આતંકવાદી સંગઠનો વિરૂદ્ધ કોઇ કાર્યવાહી ઇમરાન ખાન કેમ નથી કરતાં? ઇમરાન ખાન ઇસ્લામિક સંગઠનો અને મુલ્લા-મૌલવીઓને છાવરી રહ્યાં છે. તેમને સુરક્ષા ક્વચ પુરૂ પાડી રહ્યાં છે. જો આ વાત સાચી ન હોત તો પછી ઈમરાન ખાન મુસ્લિમ આતંકવાદીઓ અને કટ્ટરવાદી તત્ત્વો સામે કાર્યવાહી કેમ નથી કરતાં? મુંબઇ હુમલાના દોષી જેટલા આતંકવાદીઓ છે તે તમામ ખુલ્લેઆમ આતંકવાદ થકી વિશ્વને હચમચાવવાની ધમકીઓ આપે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની આતંકવાદ વિરોધી સંહિતા અંતર્ગત પાકિસ્તાનના અનેક આતંકવાદી સંગઠનો પ્રતિબંધિત છે તેમ છતાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો ખુલ્લેઆમ પોતાની શૈતાની માનસિકતાનો પ્રચાર-પ્રસાર કરે છે. ઇમરાન ખાને બીજીતરફ તાલિબાન અને અન્ય મુસ્લિમ આતંકવાદી સંગઠનો સાથે વાતચીત કરવાની નીતિ પણ અખત્યાર કરી હતી. તાલિબાન અને અન્ય મુસ્લિમ આતંકવાદી સંગઠનોને પોતાના પક્ષમાં કરવા માટે ઇમરાન ખાન અનેક પ્રકારની કાનૂની છૂટછાટ આપવા માટે તૈયાર હતાં જ્યારે તાલિબાન અને અન્ય મુસ્લિમ સંગઠનોએ હજી લગી એ કહ્યું નથી કે તેઓ ખરેખર આતંકવાદનો માર્ગ ત્યજવા માટે તૈયાર છે, હિન્દુ-ખ્રિસ્તીઓ પર અત્યાચારો નહી ગુજારે, તેમનું ધર્મ પરિવર્તન નહી કરાવે અને હિન્દુઓ તેમજ ખ્રિસ્તીઓને ભયમુક્ત કરશે? જો આ પ્રકારનું આશ્વાસન મળ્યું નથી તો પછી મુસ્લિમ આતંકવાદી સંગઠનો સાથે વાતચીત શા માટે અને કયા આશય સહ કરવામાં આવી રહી છે?*

# પેપરલીક મામલો : સાબરકાંઠા પોલીસે વધુ બે શખ્સોની કરી ધરપકડ

હિંમતનગર,તા.૧

રાજયના બહુચર્ચિત હેડ ક્લાર્કની પરીક્ષામાં પેપરલીક મામલે ઉંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. પોલીસને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે કોઈ પણ આરોપી બચવો ના જોઈએ. ત્યાર સાબરકાંઠા પોલીસે આ કાંડમાં વધુ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે રજનીકાંત પટેલ અને નરેન્દ્ર પટેલ નામના શખ્સોની ધરપકડ કરી છે. પોલીસ તેમને કોર્ટમાં રજૂ કરાશે. મહત્વનું છે કે અત્યાર સુધી પેપરલીક કાંડમાં ૩૨ આરોપીઓ ઝડપાયા છે. હવે એક બાદ આરોપીઓ સાણસાં આવી રહ્યા છે.


આખરે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી હેડકલાર્કની પરીક્ષા રદ કરવામાં આવી છે. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી એ આ મામલે સત્તાવાર ઘોષણા કરતાં જણાવ્યું હતું કે, માર્ચમાં હેડ કલાર્કની નવેસરથી પરીક્ષા લેવામાં આવશે.સરકારની ચોકસાઇના અભાવે ગુજરાતના ૮૮ હજાર પરીક્ષાર્થીઓની મહિનાઓની મહેનત માથે પડી છે.

પેપરલીક કૌભાંડમાં આરોપી નંબર વન જયેશ પટેલને પણ પોલીસે પકડી પાડયો છે. સૂર્યા ઓફસેટના કર્મચારીઓ અને માલિક સામે ય કડક કાર્યવાહી કરવા આદેશ અપાયા છે. ગૃહમંત્રીએ દાવો કર્યો કે, માર્ચમાં નવેસરથી પરીક્ષા યોજાય તે પહેલાં આરોપીનો સજા જશે. ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.એટલું જ નહીં, ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચાલશે. સરકારે નક્કી કર્યુ છે કે, હેડકલાર્કની પરીક્ષામાં ઉમેદવારોએ નવેસરથી ફોર્મ ભરવાના નહી રહે. ઉંમર પૂર્ણ થતી હશે તો પણ માન્ય ગણાશે. આ ઉપરાંત પ્રશ્નપત્ર લીક થવાની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ફુલપ્રૂફ વ્યવસ્થા સાથે પરીક્ષા યોજવા પણ સરકારે તૈયારીઓ કરી છે.

## અમદાવાદ પૂર્વમાં દાનની સરવાણીથી કાર્યાન્વિત બન્યુ આરોગ્યનું મંદિર : કોઠિયા હોસ્પિટલ

# ૨૨૫ બેડની અધત્તન સુવિધાયુક્ત કોઠીયા મલ્ટી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ

## ૧૦મી જાન્યુઆરીથી આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સનું પણ રસીકરણ કરી સુરક્ષા-કવચ પુરુ પડાશે-મુખ્યમંત્રીશ્રી






મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના નિકોલ ખાતે કોઠીયા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના લોકાર્પણ પ્રસંગે જનસમૂહને સંબોધતા કહ્યું કે, કોવીડની વર્તમાન સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે ૩જી જાન્યુઆરીથી ૧૫ થી ૧૮ની વયના બાળકોના રસીકરણ માટે ખાસ મેગા ડ્રાઈવનું આયોજન કર્યું છે. તેમણે ગુજરાતમાં રસીકરણ માટે રાજ્ય સરકારની પૂર્વતૈયારીઓ અંગે વાત કરતાં જણાવ્યું કે, આગામી ૧૦ જાન્યુઆરીથી રાજયમાં આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સને સુરક્ષા-કવચ પુરુ પાડવા રસીકરણ હાથ ધરાશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ૧૫ થી ૧૮ની વયના રાજયના ૩૫ લાખથી વધુ બાળકોને રસી આપવા માટે રાજ્ય સરકારે વિશેષ આયોજન હાથ ધર્યું છે, જે માટે અલાયદા સેશન પણ યોજવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, વર્તમાન સ્થિતિને પહોંચી વળવા માટે કોવીડ સંબંધિત માહિતી માટે રાજય સરકાર દ્વારા વિશેષ પોર્ટલ બનાવવામાં આવ્યં છે, જેમાં કોવીડના દર્દી માટે જરૂરી માહિતી ઉપ્લબ્ધ બનાવવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આપણે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કોરોનાનો મક્કમતાથી મુકાબલો કર્યો અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન સફળતાપૂર્વક હાથ ધર્યું.વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રને અગ્રિમતા આપવામાં આવી રહી છે, તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ. મુખ્યમંત્રીશ્રીએ ૨૨૫ બેડની કોઠીયા હોસ્પિટલનું લોકાર્પણ કરતા કહ્યું કે, આ હોસ્પિટલના પગલે અમદાવાદ પૂર્વના નાગરિકની આરોગ્ય સુવિધાઓમાં વૃદ્ધિ થશે. તેમણે ઉમેર્યું કે, મા, આયુષ્યમાન સહિતના કાર્ડધારકોને આ હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવાર મળશે.

તેમણે હોસ્પિટલના હોલિસ્ટિક હેલ્થના એપ્રોચની પ્રસંશા કરતાં કહ્યું કે, કોઠીયા હોસ્પિટલમાં હોમિયોપેથીની પણ સારવાર અન દવા નિશુલ્ક પ્રાપ્ત થાય છે, જે તેના આરોગ્ય પ્રત્યેના સર્વાંગી અભિગમની પ્રતિતી કરાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ "સર્વે ભવન્તું સુખીન,સર્વે સન્તુ નિરામય"નું સૂત્ર સાકાર કરવા બદલ કોઠીયા હોસ્પિટલના ટ્રસ્ટીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાએ લોકાપર્ણ પ્રસંગના માધ્યમથી દેશની જનતાને કોરોના એપ્રોપ્રિએટ વ્યવહારનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કર્યો હતો. તેઓએ કોરોના સંલગ્ન સરકારી તમામ દિશાનિર્દેશોને અનુસરવાની પણ સલાહ આપી હતી.

કોરોના રસીકરણ ક્ષેત્રે દેશના ૯૩ ટકા લોકોને રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૬૩ ટકા લોકોને રસીનો બીજો ડોઝ સફળાતાપૂર્વક આપવામાં આવ્યો હોવાનું પણ મંત્રી શ્રી એ કહ્યું હતુ. સાથો સાથો કોરોનાકાળમાં કેન્દ્ર અને રાજય સરકારના સહિયારા પ્રયાસોથી કોરોના મહામારી સામેની લડતમાં કરવામાં આવેલી કામગીરીનું ચિત્ર લોકોસમક્ષ રજૂ કર્યુ હતુ.

કોઠિયા હોસ્પિટલના લોકાર્પણની સાથે આજે પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલની પ્રતિમાના અનાવરણની ક્ષણને મંત્રી શ્રીએ ઐતિહાસિક અને અગત્યની ક્ષણ જણાવી હતી. આ સંદર્ભમાં તેઓએ કહ્યું કે, ૫૬૨ દેશી રજવાડાઓનું એકીકરણ કરીને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કરનારા લોહપુરુષ સરદાર પટેલના વ્યકિત્તવને વિશ્વની સૌથી મોટી પ્રતિમા બનાવીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વૈશ્વિક સ્તરે તેમને ખ્યાતિ અપાવી છે. આજે એવા જ એક લોકનેતા કેશુભાઇ પટેલની સિધ્ધી અને તેમની ક્ષમતાનું સન્માન તેમની પ્રતિમાના અનાવારણ દ્વારા કરવામાં આવ્યું છે. હોસ્પિટલ નિર્માણમાં દાતાઓ દ્વારા આપવામાં આવેલા દાનને પાટીદારોની સેવા, સહયોગ ભાવ પાછળ ભારતીય સંસ્કૃતિના ગુણો જોડાયેલા હોવાનું જણાવી ભારતીય સંસ્કૃતિમાં લાભ સાથે શુભનો મહિમા મંત્રી શ્રી એ સમજાવ્યો હતો.

કોરોનાકાળમાં લોકડાઉનના કપરા સમયગાળા બાદ શ્રમિકોના અન્નપૂર્ણા બનેલી સરકાર, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓની જનકલ્યાણની પ્રવૃતિઓને મંત્રીશ્રીએ આવકારી હતી.

કોરોનાની તમામ વિષમ પરિસ્થિતિઓથી લડવા કેન્દ્ર અને રાજય સરકાર સુસજ્ઞ હોવાનું જણાવીને ૨૦૪ જેટલી કંપનીઓ ટેસ્ટીંગ કીટ નિર્માણ કરી રહી હોવાનું કહ્યું હતુ.દેશમાં ૩૫ કરોડ વેક્સિનના ડોઝનું ઉત્પાદન થઇ રહ્યુ છે જેમાંથી ૨૫ કરોડ જેટલા ડોઝ ભારતીય નાગરિકોને આપીને બાકીને ૧૦ કરોડ ડોઝ વૈશ્વિક માંગ પૂર્ણ કરવામાં આવી રહી હોવાનું મંત્રી શ્રી એ જણાવ્યું હતુ.

કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાએ લોકાર્પણ પ્રસંગે ભારપૂર્વક કહ્યું કે, અમદાવાદમાં ઉપલબ્ધ આરોગ્યક્ષેત્રાની વિવિધ સેવાઓએ શહેરને વૈશ્વિક ફલક પર પ્રસ્થાપિત કરીને નામના અપાવી છે. આજે વિદેશથી પણ દર્દીઓ અમદાવાદ શહેરની હોસ્પિટલમાં સારવાર અર્થે આવે છે.

સરકારના સુદ્રઢ આયોજન અને વ્યવસ્થાપનના કારણે આજે અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલે વર્ષો જૂની પોતાની શાખને બદલીને કોર્પોરેટ હોસ્પિટલની સ્પર્ધામાં ઉતરીને શ્રેષ્ઠત્તમ સારવાર ઉપલબ્ધ કરાવી રહી છે જેની ઝાંખી કોરોનાકાળમાં આપણે સૌએ જોઈ છે.

મંત્રી શ્રી વિશ્વના વિકસીત દેશો આજે પણ કોરોનાના ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાના રાષ્ટ્રભરમાં સધન કોરોના વેક્સિનેસનના આયોજનના કારણે દેશમાં રસીકરણ ક્ષેત્રમાં બહુમૂલી સફળતા મળી હોવાનું કહ્યું હતુ.

તેઓએ આ પ્રસંગે કોઠિયા હોસ્પિટલના સ્થાપક અને ધારાસભ્ય શ્રી વલ્લભભાઇ કાકડિયાની ઉધોગપતિ થી લઇ રાજકારણી અને સમાજસેવક સુધીની સફરનો ચિતાર પણ લોકસમક્ષ રજૂ કર્યો હતો.

પ્રદેશ પ્રમુખ અને સાસંદ શ્રી સી.આર. પાટીલે આ પ્રસંગે દાનનો મહિમા સમજાવીને રાજ્યમાં દાન અને સેવાકીય પ્રવૃતિઓની પટેલ સમાજે કેડી કંડારી હોવાનું કહીને પટેલ સમાજ દ્વારા શિક્ષણ, આરોગ્ય સહિતના વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલી સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી હતી.

કોઠિયા હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે પહેલા સારવાર પછી પેમેન્ટના નવતર અભિગમની પણ શ્રી સી.આર.પાટીલે સરાહના કરી હતી.

આજે અમદાવાદ પૂર્વ વિસ્તારમાં કાર્યાન્વિત થયેલી કોઠિયા હોસ્પિટલ સમયની માંગ આધારિત તમામ અત્યાધુનિક સુવિધાઓ અને મશીનરીથી સજ્ઞ છે જે આવનારા સમયમાં દર્દીઓ માટે આશીર્વાદ રૂપ બનશે.

સરકાર દ્વારા પણ સમયાંતરે સામાજીક સંસ્થાઓને આવી સેવાકીય પ્રવૃતિઓ કરવા માટે પ્રોત્સાહન અને અનુદાન આપવામાં આવીને મદદરૂપ બની રહી છે તેમ તેઓએ ઉમેર્યુ હતુ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કોરોકાળમાં રાષ્ટ્રમાં એક પણ મૃત્યુ ભૂખમરાના કારણે ન થયેલ હોવાનું પણ તેમણે જણાવ્યું હતુ.

હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે હોસ્પિટલના સ્થાપક અને ધારાસભ્ય શ્રી વલ્લભભાઇ કાકડીયાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ.

હોસ્પિટલના લોકાર્પણ સાથે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે હોસ્પિટલના પ્રાંગણમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતુ.

કોઠિયા હોસ્પિટલ લોકાર્પણ અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલની પ્રતિમાના અનાવરણ પ્રસંગે મંત્રી સર્વ શ્રી ૠષિકેશભાઇ પટેલ, જીતુભાઇ વાઘાણી, પ્રદિપભાઇ પરમાર, જગદિશભાઇ વિશ્વકર્મા, અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઇ પરમાર, ધારાસભ્ય સર્વ શ્રી, નીતિનભાઇ પટેલ પ્રદિપસિંહ જાડેજા, સુરેશભાઇ પટેલ, જગદિશભાઇ પટેલ, બાબુભાઇ પટેલ,કર્ણાવતી અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ, હોસ્પિટલના મુખ્ય દાતા શ્રી દિલીપભાઇ કોઠિયા, રવજીભાઇ વસાણી સહિતના તમામ દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમિત સિંહ ચૌહાણ

## એમેઝોનના જંગલમાં લાગેલી આગ આર્યા ના હૃદયમાં 'ક્લાયમેટ ચેન્જ ક્રાંતિ'ની જ્વાળા પ્રગટાવી ગઈ

# પર્યાવરણનું મહત્વ દર્શાવતું ઈકો - સિસ્ટમ ઉપર લખાયેલ seeds to sow પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન થયુ

ખાસ લેખ- અંજલી શુક્લ

નવસર્જનની શરૂઆત નાના કાર્યો અને પહેલથી જ થાય છે. ક્યારેક તમારા દ્વારા કરાયેલ નાની પહેલ ક્રાતિનું સ્વરૂપ પણ ધારણ કરી લે છે. જીવનમાં ધ્યેય પ્રાપ્તિ માટે શરૂ કરાયેલ પ્રારંભને અધૂરું ન મૂકી તેને અંત એટલે કે પરિણામ સુધી જરૂર થી પહોંચાડવું જોઇએ. આ વિચારો છે અમદાવાદ શહેરની બાર વર્ષની લેખિકા આર્યા ચાવડાના.

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં રહેતી આર્યાની પાંચમા ધોરણમાં અભ્યાસ કરે છે. હરવા-ફરવા મોજ મસ્તી કરવા ઉમરમાં આર્યા એ વિવિધ જનકલ્યાણ અને સમાજકલ્યાણ અને કહીએ તો વિશ્વ કલ્યાણના વિષયો ઉપર ૮ જેટલા પુસ્તકો લખી ચૂકી છે...એટલું જ નહી આર્યા એક સારી ચિત્રકાર અને વક્તા પણ છે.

આર્યાએ પોતાના પુસ્તક "seeds of hope" અને "seeds to sow" માં આજે સમગ્ર વિશ્વ જે ×ક્લાઈમેટ ચેન્જ અને ×ગ્લોબલ વોર્મિંગ× જેવી સમસ્યાનો સામનો કરી રહ્યું છે તેના વિશે ખૂબ જ ઉંડાણપૂર્વક વાતને રજૂ કરી છે.

આર્યા જણાવે છે કે, જ્યારે કોવિડ - ૧૯ ની શરૂઆત થઇ ત્યારે તેણે એમેઝોન અને ઓસ્ટ્રેલિયાના જંગલોમાં લાગેલી આગના કારણે લાખો નિર્દોષ વન્યજીવ માર્યા ગયાના અહેવાલ સમાચારમાં વાંચ્યા અને સાંભળ્યા.અસંખ્ય વનસ્પતિ સૃષ્ટિ નાશ પામી અને પર્યાવરણને ઘણું નુકસાન થયું.

આ વાંચતાની સાથે જ આર્યાને પ્રશ્ન ઉદભવ્યો કે કદાચ પર્યાવરણને થતા નુકસાન માટે મનુષ્યનો પ્રકૃતિમાં હસ્તક્ષેપ જવાબદાર છે અને યોગ્ય પગલાં અને નિર્ણયો દ્વારા તેને રોકી શકાય છે . આ વિચાર બિંદુની સાથે "seeds of hope" પુસ્તકનું નિમાર્ણ થયું. જેમાં આર્યાએ પ્રકૃતિને થતા નુકસાન અંગે વાત કરીને તેને બચાવવાના ઉપાયો પણ રજૂ કર્યા છે - વધુ ને વધુ વૃક્ષો વાવવા, જ્યાં- ત્યાં કચરો નાખવો નહીં જેવા નાના - મોટા ઉપાયો થકી આપણે પૃથ્વીને ફરીથી હરિયાળી બનાવી શકીએ તેવા ×આશાના બીજ× આર્યા એ પુસ્તકમાં રજૂ કર્યા છે.

આટલે થી અટકી ન જતા આર્યાએ લોકોને પર્યાવરણનું મહત્વ સમજાવવા માટે ×ઈકો - સિસ્ટમ× ઉપર ×seeds to sow" પુસ્તક લખ્યું છે...જેનું વિમોચન મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પુસ્તકમાં આર્યાએ પર્યાવરણને બચાવવાની વાતો કરવાથી કંઈ નહીં થાય પરંતુ એના માટે ચોક્કસ નક્કર પગલાં લેવા પડશે જે સંદર્ભે પ્લાસ્ટિકનું રિસાયકલ ઉપયોગ, વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, પ્રદૂષણ અટકાવવાના ઉપાયો, સ્વચ્છતા વગરે જેવા વિષયને પુસ્તકમાં આવરી લીધા છે.

આર્યા કહે છે કે, આ પૃથ્વી પર વસતા તમામ પશુ , પક્ષી અને માનવી સમાન હક્ક ધરાવે છે.ધરતીનીજાળવણી અને રક્ષણ માટેની જવાબદારીની સમાન ભાવના હોવી જોઇએ.

આર્યા એ eco- green દિવાળી કેમ્પેઇન પણ ચાલુ કર્યું છે. જે આજે ઘણા બધા લોકોથી જોડાઇને આ આ કેમ્પેન આગળ વધી રહ્યું છે.

માત્ર પર્યાવરણ જ નહિ પરંતુ અત્યારના આધુનિક સમાજને સ્પર્શતા વિષયો ઉપર આર્યા પોતાના પુસ્તકો લખી ચૂકી છે.

આર્યાની લેખનની શરૂઆત

વર્ષ ૨૦૧૭ માં યુનેસ્કો દ્વારા અમદાવાદને વિશ્વનું પ્રથમ હેરિટેજ સિટી જાહેર કરવામાં આવ્યું.પરિણામે આર્યા પોતાના પિતા સાથે અમદાવાદની હેરિટેજ વોક માટે નીકળી હતી. ત્યારે એને થયું કે ,મારે આ સ્થાપત્ય અને કલાને લોકો સુધી પહોંચાડવી જોઇએ. આ વિચારની સાથે જ આર્યાનો લેખિકા તરીકે જન્મ થયો.માત્ર આઠ વર્ષની ઉંમરે પોતાનું પ્રથમ પુસ્તક × અમદાવાદ માય સિટી માય હેરિટેજ×લખ્યું.

આજે પણ આર્યાની લેખીકા તરીકેનુ કાર્ય નિરંતર ગતિથી આગળ ધપી રહ્યુ છે.માત્ર પર્યાવરણ જ નહિ પરંતુ આધુનિક સમાજને સ્પર્શતા વિષયો ઉપર આર્યા પોતાના પુસ્તકો લખી ચૂકી છે.

આર્યના પુસ્તકોની વિશેષતા એ છે કે,તેણીના તમામ પુસ્તકોમાં આર્યાએ પોતાના દોરેલા ચિત્રોનો સમાવેશ કર્યો છે.

આર્યા એ લખેલા ૭ પુસ્તકોની યાદી આ પ્રમાણે છે

૧. અમદાવાદ માય સિટી માય હેરિટેજ 2. A day with Gandhi 3.Seeds of hope 4.Intangible Ahmedabad 5.Rising above 6.Rising beyong7.Seeds to show

આર્યાના આવનારા પુસ્તક "Magnificent Marvels" માં યુનેસ્કો દ્વારા પૂરા વિશ્વમાં જેટલા પણ હેરિટેજ સાઈટ્સ છે તેનો ઉલ્લેખ જોવા મળશે.

આર્યાના કાર્યોની આછેરી ઝલક

આર્યા અનેક સરકારી અને ખાનગી શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓમાં વ્યાખ્યાન આપી ચૂકી છે.આ ઉપરાંત અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ્સ પર ભારતીય સંસ્કૃતિ અને વારસાના પ્રચાર-પ્રસાર અંગે ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે.આર્યાની પ્રકૃતિ જાળવણીની વિવિધ પહેલથી પ્રભાવિત થઈને NICEF દ્વાર પણ આર્યાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

નેશનલ એન્વાયરમેન્ટ યુથ ફોરમ ૨૦૨૧ ના ×પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિ× અંતર્ગત આર્યાએ ભારતભરની ૭૫ થી વધારે યુનિવર્સિટીઓમાં ૩૦૦ થી વધુ કોલેજમાં અને ૨૫ હજારથી વધારે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધેલો અને પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સપ્ટેમ્બર ૨૦૧૮ માં આર્યા એ સ્વિટ્ઝર્લૅન્ડ ના જીનીવામાં આવેલા યુનેસ્કોના કાર્યાલય એ ભારતીય વારસા અને સંસ્કૃતિ સંદર્ભે પોતાનું કાર્ય પ્રદર્શિત કર્યું હતું.તો ૨૦૧૯ માં યુરોપમાં નેધરલેન્ડ,ફ્રાંસ ખાતે અલગ-અલગ એલચી કચેરીઓમાં આર્યાએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

જૂન ૨૦૧૯ માં ફક્ત નવ વર્ષની ઉંમરે આર્યા એ પેરિસ સ્થિત વર્લ્ડ હેરિટેજ કમિટી અઝરબૈજાન ના બાકુમાં ૪૩માં સમારોહમાં ૧૮૦ દેશના ૨૫૦૦ રાજદ્વારીઓ સામે પોતાનું હેરિટેજ અંગેનું કલા અને કૌશલ્યની પ્રતિભા દેખાડી હતી.

કોવિડ- ૧૯ના મુશ્કેલ સમયમાં એપ્રિલ ૨૦૨૦માં વર્લ્ડ હેરિટેજ સેન્ટર પેરિસ ખાતે આર્યાને વિશ્વવ્યાપી અભિયાન શેર યોર હેરિટેજ અંતર્ગત સ્પર્ધામાં ભાગ લઈ રહેલા વિશ્વના ૫૫ જેટલા રાષ્ટ્રના બાળ પ્રતિનિધિઓને સંબોધ્યા હતા અને વૈશ્વિક સાંસ્કૃતિક વિવિધતા વિશે અને તેમનામાં આશાનું સકારાત્મક સંદેશો ફેલાય એવું અદભુત સંદેશો આર્યાએ આપ્યો હતો.

આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ, ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી, અને વિવિધ મંત્રીઓએ આર્યાના પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણીના અનોખા કાર્યને બિરદાવ્યું છે.

"દ્રઢનિશ્ચય અને સમર્પણ ભાવ એ તમને વિશ્વમાં બીજા લોકોથી તમને અલગ તારવે છે× એ સિદ્ધાંતમાં માનતી આર્યાને અનેક એવોર્ડ તથા સન્માનથી નવાજવામાં આવી ચૂકી છે. સમાજમાં ગાંધીજીના મૂલ્યો અને આદર્શો -શાંતિ સત્ય અહિંસા અને સમાનતાના સંદર્ભ, પર્યાવરણ, જળવાયુ પરિવર્તન આબોહવાની જાળવણી, ક્લાઈમેટ ચેન્જ ,સાંસ્કૃતિક વારસાની જાળવણી, ગર્લ્સ એજયુકેશન તથા બાળકોના મૂળભૂત અધિકાર અને ફરજ જેવા વિષયો માટે પુસ્તકો લખીને સમાજમાં જાગૃતિ લાવવા માટે અથાગ પ્રયત્નો આદરનાર આ બાર વર્ષીય દીકરીના પુસ્તકોનું યુનેસ્કો નવી દિલ્હી તથા યુનાઇટેડ નેશન્સ ઈન્ડિયા દ્વારા તમામ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે એટલું જ નહીં યુનેસ્કો ડિજિટલ લાયબ્રેરી અને યુનેસ્કો ગ્લોબલ સીટીઝનશીપ એજ્યુકેશન જેવા ડિજિટલ પ્લેટફોર્મ ઉપર પણ આર્યના પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આર્યા સૌ કોઈએ પોતાનો સંદેશો આપતા જણાવે છે કે : "મારી આઠ વર્ષની ઉમરથી શરૂ થયેલી સફર થી લઈ આજ દીન સુધી મને હમેશા રાજ્ય સરકારનો સંપૂર્ણપણે ટેકો રહ્યો છે,અને હંમેશા સતત આગળ રહેવા પ્રોત્સાહન અને પીઠબળ પૂરું પાડ્યું છે એ માટે હું ગુજરાત સરકારની આભારી છું."

બાર વર્ષની આ દીકરી પોતે દોરેલા ચિત્રોના પ્રદર્શન થકી, કવિતાઓ અને પુસ્તકોના વેચાણ તથા અલગ અલગ સામાજિક વિષયો પરના વક્તવ્ય થકી થતી કમાણી નો સંપૂર્ણ ભાગ કેન્સરના દર્દીઓના કલ્યાણ માટે આપે છે. અને દર્દીઓ માટે નાણાકીય સહાય એકત્ર કરનાર આ દીકરી વિશે જેટલું લખીએ એટલું ઓછું પડે તેમ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NGO સાહિત્ય સરિતા
NG no. --39
વિષય -- વીતેલાં વર્ષની ખાટીમીઠી યાદો
પ્રકાર -- ગદ્ય- લેખ
શીર્ષક -- વ્હાલથી વિદાય -૨૦૨૧
પ્રેમથી સ્વાગત --૨૦૨૨
શબ્દો -- ૩૪૫

૨૦૨૧ની આ છેલ્લી સાંજ. સમય સાથે વીતી જશે આ સાંજ અને રાત પણ. સવારે ઉગી જશે ૨૦૨૨નાં નવા વર્ષનું નવલું પ્રભાત! નવી આશાઓ, નવા ઉમંગો, નવા સપનાં અને નવા સંકલ્પો સાથે.

વીતેલાં વર્ષે કેટલાય સવાલ આપણાં માટે મૂક્યાં છે. વર્ષ દરમ્યાન જે કાંઈ અઘટિત બની ગયું એ કેમ બન્યું એ સવાલ આપણે દરેકે આપણી જાતને પૂછવાનો છે. એમાં આપણો વાંક, આપણી ભૂલ કેટલી એની જાત તપાસ કરવાની છે. આવનારા નવાં વર્ષ દરમ્યાન આપણી જ ભૂલોને કારણે જે આપણે સહન કર્યું એ ફરી ને ફરી ના બને એનું ખાસ ધ્યાન રાખવાનું છે. સમયને સારો કે ખોટો બનાવવામાં જેટલું આપણું યોગદાન હોય એ યોગદાન જો આપણે નહિ આપીએ તો સારું, સુરક્ષિત જીવન જીવવા માટે કુદરત પણ આપણને સહાય નહિ કરે.

વીતેલાં વર્ષે માણસની ઘણી બધી પરીક્ષા કરી, કેટલાયે તન, મન અને ધનથી એ પરીક્ષામાં પાસ થવાં જીવની, કે કુટુંબની પરવાહ કર્યા વગર રાત-દિવસ દિવસ મન લગાવીને તનતોડ મહેનત કરી. ધન્ય છે એ દરેક ક્ષેત્રનાં સ્વયંસેવકોને. માથું નતમસ્તક થઈ જાય છે આવાં વિરલાઓ આગળ!

મારાં ઘરમાં પણ સાત જણને કોરોના થયો હતો! જેમાં ઘરનાં અમુક સભ્યોની હાલત બહુ ક્રિટિકલ હતી. પણ આજે બધાં જ હયાત છે અને એ બિમારીમાંથી હેમખેમ પાર ઉતર્યા છે એ વીતેલાં ૨૦૨૧નાં વર્ષની મોટી મહેરબાની અને આશીર્વાદ જ કહેવાય ને!

જીવન જો એમ જ ઘરેડમાં સુખરૂપ ચાલ્યાં કરે અને ઈશ્વર કોઈ પરીક્ષા ના લે તો ઈશ્વરનાં ઐશ્વર્યનો અનુભવ કેવી રીતે થાય? આખરે એ સર્વોપરી છે, સર્જનહાર છે! પોતાની જ બનાવેલી દુનિયાને અસ્તવ્યસ્ત કરવાનું અને માણસોનો નાશ કરવાનું એને ગમે ખરું? કોઈક એવું સબળ અને ઠોસ કારણ હોવું જોઈએ કે જેથી ઈશ્વરને આ રસ્તો લેવો પડ્યો હશે!

૨૦૨૨નું ઉમળકાભેર સ્વાગત કરીએ અને ભૂલો સુધારવાનું કામ આપણાંથી જ શરૂ કરીએ. કુદરત, પ્રકૃતિ, સર્જનહાર, કે ઈશ્વર જે કોઈ હોય એને પણ પોતેજ સર્જેલાં માણસની મહાનતાનાં, માણસાઈનાં દર્શન થાય અને માણસ નામનાં પોતાનાં આ સુંદર સર્જનથી એને પણ ગૌરવ થાય,અભિમાન થાય એવું જીવીએ!

૨૦૨૧માં કોરોનાનાં કારણે જીવનથી વિદાય થયેલી વ્યક્તિઓને શ્રદ્ધાંજલી આપીને ૨૦૨૧નું સ્વાગત કરીએ. સમય ક્યારેય એક સરખો નથી રહેતો. સારો સમય ચોક્કસ આવશે, ખુશીઓનાં ગીતો ચોક્કસ ગવાશે, નવી નવી ઝંખનાઓ અને સપનાઓ ચોક્કસ પૂરાં થશે. પ્રકૃતિને વધાવીશું તો ઈશ્વર જરૂર આપણી ઉપર ખુશીઓની મહેર વરસાવશે.

પ્રફુલ્લા "પ્રસન્ના", અમદાવાદ

NOG: NG/022
વિષયઃ વીતેલા વર્ષની ખટમીઠી યાદો
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ ૨૦૨૧

આજે નવવર્ષની પૂર્વસંધ્યાએ જ્યારે વીતેલા વર્ષ વિશે વિચારું છું, તો ચિત્ત અનેક વિચારોથી ઘેરાઈ જાય છે. આ વર્ષમાં માનવજાતે ઘણું બધું જોયું. પાછલા વર્ષે માનવશરીરમાં દાખલ થનાર કોરોનાએ આ વર્ષે બીજી લહેરમાં તરખાટ મચાવ્યો.

ઓક્સિજનના અભાવમાં અનેક લોકોએ પોતાનાં સ્વજનો ગુમાવ્યાં. હોસ્પિટલમાં બેડ ઉપલબ્ધ ન હતા અને બજારમાં દવાઓ પણ નહોતી મળતી.

મારા માટે પણ આ વર્ષ મિશ્ર રહ્યું. પાછલા ડિસેમ્બર પછી કોરોનાનો પ્રભાવ ઓસરી રહ્યો હતો અને ફરી જીવન થાળે પડી રહ્યું હતું. ફેબ્રુઆરી પછી ધીમે ધીમે કોરોનાએ પોતાનો પ્રભાવ વધારવાનું શરૂ કર્યું અને માર્ચમાં અચાનક મોટા પાયે હુમલો શરૂ કરી દીધો. તે સમયમાં મેં પણ મારાં અનેક સ્વજનો ગુમાવ્યાં. મારી બે માસી જે મને બહુ પ્રિય હતી, મારી ફોઈના દીકરા પ્રિય ભુપેન્દ્રભાઈ જેવા અનેક સ્વજનો ગુમાવીને હું હેબતાઈ ગયો? હતો.

રોજ ફેસબુક ઉપર ૐ શાંતિ લખવું પડતું હતું. એ સમય પણ વીતી ગયો. ૨૦૨૧ બધાંને યાદ રહેશે રેમેડિસીવીર અને ઓક્સિજનના બાટલાનાં કાળાબજાર માટે. રેલ્વે પાસ માટેની મથામણ માટે, હોસ્પિટલમાં બેડ મળે તે માટે ઓળખાણ શોધવા માટે.?

આ ખરાબ વર્ષમાં પણ કેટલીક સારી ઘટનાઓ બની. આ વર્ષે મારી ત્રણ નવલકથાઓ પ્રગટ થઈ. 'અતિકર્ણ','વયં રક્ષ' અને 'એજન્ટ કોલંબસ' તે ઉપરાંત સહલેખનમાં 'વનવગડો વાર્તાસંગ્રહ' અને 'પડછાયાનો છાયો'(અંધકારમાં ચીખતી વાર્તાઓ) વાર્તાસંગ્રહો પ્રગટ થયા. જે કોઈ પણ લેખક માટે સ્વપ્ન સમાન હોય છે.?

વર્ષની અંત નજીક પહોંચતા સુધીમાં નોકરીમાં મનચાહ્યા બદલાવ આવવાને લીધે વર્ષનો અંત સારો થયો. જીવનમાં આમ પણ દર વખતે તમારું મનચાહ્યું નથી થતું. તે જે પણ આપે તેનો સ્વીકાર કરવો રહ્યો, સ્વીકાર દુઃખને ઓછું કરી દે છે અને તમારી સહનશક્તિ વધારે છે.

નવવર્ષના આગમનટાણે ઈશ્વરને એટલી જ પ્રાર્થના કે કથિત ત્રીજી લહેરમાં કોઈ પોતાનાં સ્વજનો ન ગુમાવે અને કોઈની રોજીરોટી ન છીનવાય. દરેક મનુષ્યના મનમાં દયાની લાગણીનો દરિયો વહેતો રહે અને જીવન સુખમય વીતે.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

NOG SS NO.:- 0034
વિષય : વિતેલાં વર્ષની ખાટી-મીઠી યાદો
વિભાગ : ગદ્ય
શીર્ષકઃ એ વીતેલાં દિવસો
શબ્દો : ૩૯૮

કહેવાય છે કે,ભૂતકાળ ગમે એવો હોય એને ભૂલી જવો જોઈએ અને ૨૦૨૧નું વર્ષ ખરેખર દુઃસ્વપ્નની જેમ ભૂલી જવા જેવું જ વીત્યું કે જેમાં કોવિડ-૧૯નો આતંક શિરમોર રહ્યો. એક સૂક્ષ્મ વાયરસે સમગ્ર માનવજાતને ઘમરોળી નાંખી. કવોરન્ટાઈન, આઈસોલેશન, માસ્ક, ઓનલાઈન, ઓફલાઈન..... જેવાં કેટલાંક નવાં શબ્દો ડિક્ષનરીમાં ઉમેરાયા તો કેટલાંક માનવમૂલ્યોની બાદબાકી પણ થઈ!

જિંદગી અને સમસ્યાઓને રોજનો નાતો છે. માનવે કલ્પના પણ ન કરી હોય એવી રીતે સમસ્યાઓ તેનાં જીવનમાં પગપેસરો કરે છે. કોરોનાકાળમાં ચીનના વુહાનનાં જ્યારે સમાચાર વાંચતાં ત્યારે એ લોકો માટે ખૂબ જ દુઃખ અને સહાનુભૂતિ થતી, પરંતુ આ વાયરસનો આતંક જ્યારે આપણે આપણા દેશમાં, શહેરમાં, સોસાયટીમાં કે ખુદ આપણાં ઘરોમાં અનુભવ્યો ત્યારે ખળભળી ગયાં! ઓક્સિજન માટે, હોસ્પિટલમાં બેડ માટે સ્મશાનમાં અગ્નિસંસ્કાર માટે.... લાંબી લાંબી કતારોમાં માનવને કરગરતો જોયો. આ કાળે પાપ-પુણ્ય અને ધર્મ-અધર્મની વ્યાખ્યા જડમૂળથી જ બદલી નાંખી. આ કાળમાં કવોરન્ટાઈન શબ્દ લોકભોગ્ય બન્યો. પરિવારથી દૂર એક જ ઓરડામાં એકલાં-એકલાં રહેવું એ અઘરું તો ખરાં જ. મનુષ્ય સામાજિક પ્રાણી છે તે ગુસ્સે થશે, ઝઘડશે,નારાજ પણ થશે, પરંતુ એકલો નહીં રહી શકે. મારો અનુભવ કહું તો, સૌથી પહેલાં મારાં જીવનસાથીને કોરોના થયો. એમને હજુ અઠવાડિયું થયું ત્યાં મારાં સસરા કોરોના પોઝિટિવ આવ્યાં. ઉંમર અને અન્ય બિમારીઓને કારણે તેમની હાલત ખૂબ જ ગંભીર થઈ ગઈ. મોરબીમાં તો એક પણ હોસ્પિટલમાં જગ્યા નહીં.રાજકોટની એક હોસ્પિટલમાં માંડ-માંડ જગ્યા મળી. પંદર દિવસે તેઓ સાજાં થઈને ઘરે આવ્યાં. એ પછી તરત જ મને કોરોના થયો. એમ એક પછી એક ઘરનાં સભ્યો કોરોનાસુરની ઝપેટમાં આવી ગયાં. કેટ-કેટલી સાવચેતી રાખી હતી, ઘરની બહાર પણ નહોતાં નીકળ્યા છતાંય કોરોનાએ હડફેટે લઈ જ લીધાં.

મારી વાત કરું તો, હું તો બે દિવસમાં જ કંટાળી ગઈ. શરૂઆતમાં દવા,ઈન્જેકશન અને સતત બાટલાંઓને કારણે થોડી ઘેનમાં રહી. મારી દીકરી ડોક્ટર તેથી તે તો ડર્યા વગર મારી સાથે જ રહે અને હિંમત આપ્યાં કરે. પરંતુ આ પંદર દિવસોમાં મેં મારાં પાંચ અંગત સ્વજનો ગુમાવ્યા. એક તો પચ્ચીસ વર્ષનો જુવાન ભત્રીજો ગુમાવ્યો! ત્યારબાદ મારાં વ્હાલા નાનીમા ગુમાવ્યા. ખરેખર, હું માનસિક રીતે ભાંગી જ ગઈ. ઈશ્વર આટલો ક્રૂર કઈ રીતે થઈ શકે! આ દિવસો દરમ્યાન સતત કોઈ ને કોઈનાં મૃત્યુનાં સમાચાર જ મળ્યાં. સારાં સમાચાર સાંભળવા મન તરસી રહ્યું. મેં મારું ધ્યાન આધ્યાત્મિક પુસ્તકો વાંચવામાં કેન્દ્રિત કર્યું અને એ સ્વજનોનાં મોક્ષ માટે ઈશ્વરને ખૂબ પ્રાર્થના કરી. ખરેખર ખૂબ જ દર્દનાક દિવસો વીત્યાં!

એક સુખદ સંભારણું એટલું કે, આ વર્ષમાં સાહિત્ય થકી જ હિંમત મળી. અલગ -અલગ વોટ્સએપ ગૃપમાં જોડાઈ અને મારી કલમ નિખરતી ગઈ. મારી રચનાઓ પણ પોંખાતી રહી. આ કાળમાં જ મારાં પાંચેક સહિયારા પુસ્તકો પ્રકાશિત થયાં.

ડો. રેખા શાહ

---

NOG SS NO :- 0038
વિષય :-વીતેલા વર્ષની ખાટી મીઠી યાદો
વિભાગ :-પદ્ય
શીર્ષક :- મા જઈ રહી હતી

વીતેલા વર્ષની યાદ બસ એટલી હતી,
સઘળું છોડી મા જઈ રહી હતી,
એ ક્ષણ અંતિમ હતી,
મા કાંધે ચડી અંતિમ યાત્રાએ જઈ રહી હતી,
ના બાળકોની માયા કે ના પતિની ચિંતા,
સઘળું છોડી મા જઈ રહી હતી.
વીતેલા વર્ષની યાદ બસ એટલી હતી.
સુહાગણ બની નિરાંતે મા સૂતી હતી,
લાલ ચૂંદડીમાં મા શોભતી હતી,
કોઈ શુ કહેશે એ ચિંતા એણે છોડી હતી,
પોતાના વ્હાલા ઘરની એ અંતિમ રાત હતી,
સઘળું છોડી મા જઈ રહી હતી.
વીતેલા વર્ષની યાદ બસ એટલી હતી.
ફૂલોની સૈયા સાથે પ્રીત એણે જોડી હતી
બેન્ડવાજામાં પ્રભુની ધૂન વાગતી હતી,
મમતાની મુરત અમારી વિદાઇ લઈ રહી હતી,
સઘળું છોડી મા જઈ રહી હતી.
વીતેલા વર્ષની યાદ બસ એટલી હતી.
અમારી આંખમાં અશ્રુધારા વહેતી હતી
ખુશ રહેજો વ્હાલાઓ એવા આશિષ મા આપતી હતી, લાંબો હાથ કરી હું મા ને રોકી રહી હતી,
એ ઘડી બહુ વસમી હતી.
સઘળું છોડી મા જઈ રહી હતી.
વીતેલા વર્ષની યાદ બસ એટલી હતી.

શીલાપટેલ "આકાંક્ષા"

---

NOG SS No: 0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ- વીતેલા વર્ષની ખાટી-મીઠી યાદો

કાળની ગર્તામાં એ ચ ગરી ગયુ,
એ જૂનું વર્ષ યાદ બની ખરી ગયું
જાન્યુઆરીમાં આપી ઉત્તરાયણની ખુશીઓ,
ફેબ્રુઆરીને ફૂલોથી ભરી ગયું,
એ જૂનું વર્ષ યાદ બની ખરી ગયું.
માર્ચમાં ભરખ્યા મારા વ્હાલા ફોઈને,
એપ્રિલમાં મારા પ્યારા તાતને હરી ગયું,
એ જૂનું વર્ષ યાદ બની ખરી ગયું.
મે માં જુઠા બંધનો તોડાવી દીધા,
જૂનમાં પિયા સંગ મિલન કરી ગયું,
એ જુનું વર્ષ યાદ બની ખરી ગયું.
જુલાઇમાં કરાવી નવી દોસ્તી હરિભક્તો સાથે,
ઓગસ્ટમાં હરિ પ્રસાદ ધરી ગયું,
એ જૂનું વર્ષ યાદ બની ખરી ગયું.
સપ્ટેમ્બર વીત્યો જન્મદિનના ઉત્સાહમાં,
ઓક્ટોબર સ્નેહથી અંતરને ભરી ગયું,
એ જૂનું વર્ષ યાદ બની ખરી ગયું.
નવેમ્બરમાં માણ્યા તહેવારો પરિવારને હરિ સંગે,
ડિસેમ્બર માંદગીથી ભરી ગયું,
એ જૂનું વર્ષ યાદ બની ખરી ગયું.
સતત સાથ મળ્યો મિત્રો અને સ્નેહીજનોનો,
વર્ષની આ ખાટી-મીઠી યાદોમાં,
કોઈ હોઠ પર હાસ્ય બની પ્રસરી ગયું ને,
કોઈ આંખોમાંથી અશ્રુ બની ગત વર્ષ સાથે ખરી ગયું.

અલકા મહેતા, ગાંધીનગર

---

NOG SS No.0007
વિષય - વીતેલાં વર્ષની ખાટી મીઠી યાદો
વિભાગ - ગદ્ય
શીર્ષક - મધુર પળો

સાચું પૂછો તો ૨૦૨૧ નું વર્ષ મારાં માટે ખાટાં કરતાં મધુરું વધારે હતું.કારણ ૨૦૨૧માં મેં મારું પહેલું સંપાદિત પુસ્તકનું વિમોચન કર્યું.૨૦૨૦થી જે પુસ્તક તૈયાર કરવાની કામગીરી હાથમાં લીધી હતી તે ૨૩ જુલાઈ ને શુક્રવાર ૨૦૨૧ ને ગુરૂપૂર્ણિમાના દિવસે મારા આચાર્ય સ્વ. શ્રી ઠાકોરભાઈ દેસાઈ સાહેબના હસ્તે વિમોચન થઈને પૂરી થઈ. મારાં જીવનની એ અમૂલ્ય ક્ષણ મને વર્ષ ૨૦૨૧ એ આપી.મારાં ઠાકોરજીની કૃપાથી કોરોના કાળમાં કોઈજ સ્વજનો નથી ગુમાવ્યા,ઉલટ સ્નેહની ડોર હતી એ કરતાં વધારે મજબૂત થઈ.આત્મખોજ અને આત્મદર્શન વળે કદાચ વધારે પરિપક્વતા કેળવાઈ.સાહિત્ય સરીતા ગૃપ દ્વારા સાહિત્ય સફરની ખૂબ મઝા માણી.આ સફર દરમ્યાન દાદીશા,જીજ્ઞાબેન,માયાબેન, કિશોરભાઈ મહેતા,પિતાતુલ્ય પ્રદીપભાઈ, મીનાક્ષીબેન જેવાં અંતરંગ વ્યક્તિ ઓનો પ્રત્યક્ષ અને પરોક્ષ મેળાપ થયો.જે મારાં જીવનનું એક મહત્વનું પાસું બની ગયું.સાહિત્યના વોટ્સએપ ગૃપ પર આજથી બે વર્ષ પહેલાં મળેલાં જે તદ્દન અજાણ્યા હતાં તેઓ આ વર્ષ દરમિયાન ક્યારે પોતીકાં બની ગયાં એની ખબર જ ન પડી.આ સિવાય પણ અનેક ખૂશીઓથી ૨૦૨૧એ મારી ઝોળી ભરી,અને મને મનથી સમૃધ્ધ કરતું ગયું. હા પણ આ બધાંથી વિરુદ્ધ ઘણાં લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યાં, ઘણાંએ પોતાનું સર્વસ્વ ગુમાવ્યું.એ સહુ માટે □દયના એક ખૂણે દર્દ તો છેજ.કહેવાય છે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે જ છે.દરેક કાળી વાદળીને એક રૂપેરી કોર હોય છે.અને અંધારી અમાસ પછી પૂનમ આવે જ છે.એ રીતે ૨૦૨૧ જે લોકો માટે અમાસ બની રહ્યું એ સહુ માટે હું □દયથી પ્રાર્થના કરીશ કે આવનારું નવું વર્ષ એમને માટે પૂનમનું અજવાળું લઈને આવે,અને એમનાં જીવનને પ્રકાશ અને શીતળતાથી ભરી દે.

અસ્તુ

લેખિકા - આરતી મરચંટ,મુંબઈ - કાંદિવલી.

# સમગ્ર મહારાષ્ટ્રના તમામ પાંજરાપોળ, ગૌશાળાનાં પદાધીકારીઓ, જીવદયા પ્રેમીઓની રવીવારે ચિંતન શીબીરનું મહારાષ્ટ્રના કોલ્હાપુર ખાતે આયોજન

જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના અને જીવ માત્રને જીવાડવાની અંતરની મહેચ્છાઓ સાથે પશ્ચિમ ભારતમાં ૧૫૦૦ થી વધુ પાંજરાપોળોના ટ્રસ્ટીઓ અથાક પુરુષાર્થથી ૯ લાખથી વધુ અબોલ જીવોનું જીવનપર્યંત જતન કરે છે. આર્થિક વ્યવસ્થા, ઘાસ–ચારાની ઉપલબ્ધતા, જમીન અંગેના કાયદાઓ વિગેરે અઢળક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે. આ પ્રશ્નો અંગેની વિષદ છણાવટ પૂર્વક ચર્ચા કરી નિર્ણયાત્મક ભૂમિકા ઉપર આવવા માટે તેમજ સ્વાવલંબન તરફ, પર્યાવરણ રક્ષા તરફ વળવા માત્ર મહારાષ્ટ્રમાં બીજાની હૂંફ મળે અને એકબીજાનો સહકાર મળે તે માટે વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' ના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ અને સાથી ટીમના માર્ગદર્શનમાં તેમજ શ્રી સ્વામી અદશ્ય કાડસિધેશ્વર મહારાજ,કનેરી મઠ, કોલ્હાપુરની અધ્યક્ષતામાં વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ગૌશાળા, જીવદયા સંસ્થાઓના ટ્રસ્ટીઓ (એસ.પી.સી.એ)ના પદાધીકારીઓ, જીવદયાના ક્ષેત્રે કામ કરતા કાર્યકરો, સકળ શ્રી સંઘના ટ્રસ્ટીઓ, જીવદયાના કાર્યમાં દાન આપતા દાનવીર ભામાશાઓ, પર્યાવરણ પ્રેમીઓ માટે એક દિવસીય ચિંતીન શીબીરનું આયોજન તા.૨, જાન્યુઆરી, રવીવારના રોજ શ્રી સ્વામી અદશ્ય કાડસિધ્ધેશ્વર મહારાજ,કનેરી મઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર) ખાતે સવારે ૧૦–૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌસંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા—પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક—સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર, સંસ્થાઓને કાયમી સબસીડી સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત ચર્ચા કરાશે. આ સંમેલનમાં સંજય મહારાજ (પાચપૌર)ની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

વિશેષ માહિતી માટે કર્મવીર ભગવાન કોકરે મહારાજ (મો.૯૯૨૧૪ ૮૭૧૪૮) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અરવલ્લી : થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીમાં દારૂ પીને છાકટા બનેલા ૫૦ થી વધુ ઝડપાયા




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં ૩૧ ડિસેમ્બરની રાત્રે ગેરકાયદેસર દારૂની પાર્ટી કરતા,દારૂ પીને વાહનો હંકારતા અને છાકટા બનેલા શખ્શોને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં ૨૧,મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૫ ,ભિલોડા પોલીસ સ્ટેશન માં ૧૧, બાયડ અને મોડાસા રૂરલ પોલીસ-૨ અને મેઘરજ પોલીસ,માલપુર પોલીસે ૨ દારૂ પીને છાકટા બનેલા શખ્શોને ઝડપી પાડી તમામ શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પોલીસ અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ સહીત સમગ્ર માર્ગ પર ઠેર ઠેર પોલીસ દ્વારા રાજસ્થાન તરફથી દારૂ પીને છાકટા બનેલા અને શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પીધેલી હાલતમાં રખડતા ૧)ધવલસિંહ જશુસિંહ રાઠોડ (વાસણા-અમદાવાદ),૨)વસંતસિંહ રામસિંહ મકવાણા (પ્રાંતિજ),૩) રોહિત રમેશભાઈ પ્રજાપતિ (હિંમતનગર),૪)ચિરાગ હેમંતભાઈ ચૌધરી (છાલા,૫) યશ ધર્મેશ વખારીયા (હિંમતનગર)૬) અલ્પેશ ભીખા ચૌધરી (કાકરેજ), ૭)પિયુષ ટપુભાઈ ડોડીયાર (ઉમૈયા),૮)જીગર રશ્મીકાન્ત બારોટ(હિંમતનગર),૯)ધર્મેન્દ્રસિંહ ભગાજી સોલંકી,૧૦) જીતેન્દ્ર બચુભાઈ પરમાર (ઉમૈયા),૧૧) રાકેશ કાળુભાઈ ભોઈ (મહીસાગર),૧૨)મંથન બચુ પટેલ (અમદાવાદ),૧૩) રાજદીપ લક્ષમણ થોરી (ગાભોઇ),૧૪) રાકેશ કૃષ્ણ ચૌહાણ(અમદાવાદ) ,૧૫)ટીકુસિંહ પ્રદીપસિંહ રાજપૂત (અમદાવાદ) ,૧૬)હરેશ જગદીશ યાદવ, ૧૭)કેવારામ કાનજી કટારા (ઉદેપુર),૧૮) અમિત મોહનલાલ સ્વામી(વડોદરા), ૧૯)અલ્પેશ રઘુવીરસિંહ રાઠોડ (અમદાવાદ) ,૨૦)જીતેન્દ્ર પટેલ (વિજાપુર), સોનુ અરવિંદ ઊર્મિ (અમદાવાદ) ઉપરોક્ત તમામ ૧૬ દારૂપીધેલા શખ્શો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ૨૫ વર્ષના સાહિત્યિક વારસાની ઝાંખી અમદાવાદ કલેક્ટર કચેરીમાં....

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે શ્રી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીની પ્રેરક ઉપસ્થિતમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં કલેક્ટરમાં "મેઘાણી સાહિત્ય કોર્નર" મુકવામાં આવ્યું હતુ. અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે અને નિવાસી અધિક કલેક્ટર શ્રી પી. બી. પંડ્યા અને અધિક નિવાસી નાયબ કલેકટર યોગીરાજસિંહ ગોહિલે સાહિત્ય કોર્નરનું નિરીક્ષણ કરી ઉપલબ્ધ પુસ્તકો વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી. રાજ્યની જિલ્લા કલેક્ટર કચેરીમાં આ પ્રકારનું સાહિત્ય કોર્નર મુકવાની પહેલ હાથ ધરાઇ હોય તેવી અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી પ્રથમ છે. ઝવેરચંદ મેઘાણીના જીવન, કાર્ય અને સાહિત્યથી નવી પેઢી પરિચિત-પ્રેરિત થાય તે આશયથી પિનાકી મેઘાણીની પ્રેરણાથી ગુજરાતભરમાં ૮૦ જેટલાં મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના લાયબ્રેરી, શાળા-કોલેજ, પોલીસ સ્ટેશન, જેલ વગેરેમાં થઇ છે. અમેરિકા સ્થિત સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી ડો. અક્ષય શાહ - અનાર શાહના સહયોગથી અહીં મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના થઇ છે.

ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ અંતર્ગત ૧૨૫ મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના થાય તેવી લોકલાગણી છે. મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરનાં ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલાં તેવાં સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યનાં સંશોધક, સ્વાતંત્ર-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીએ ૨૫ વર્ષના ટૂકાં ગાળામાં કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, લોકસાહિત્ય સંશોધન અને વિવેચન, લોકગીતો, લોકકથાઓ એવા વિવિધ વિષયોનાં ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. આમાંનાં ૭૫ જેટલાં પ્રાપ્ય પુસ્તકો ૬ટ૩ટ૧ ફૂટનાં કલાત્મક કાચનાં કબાટમાં વિષયવાર મૂકાયા છે.

ઝવેરચંદ મેઘાણીએ ૧૯૨૨માં લખેલ પ્રથમ પુસ્તક કુરબાનીની કથાઓથી લઈને ૧૯૪૭માં અવસાન થયુ ત્યારે અપૂર્ણ રહેલી નવલકથા કાળચક્ર ઉપરાંત તેમના અતિ લોકપ્રિય પુસ્તકો યુગવંદના, સિંધુડો, વેવિશાળ, સોરઠ તારાં વહેતાં પાણી, તુલસી-ક્યારો, માણસાઈના દીવા, સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા, સોરઠી સંતો, રઢિયાળી રાત, સોરઠી સંતવાણી ખાસ ઉપલબ્ધ કરાયાં છે.

-અમિતસિંહ ચૌહાણ

પસાર થઈ ગયેલી દરેક ક્ષણ
આંખો સામે મંડરાતી હતી
આંગળી મૂકી અંતર માં જોયું
શિથિલ હતી પણ જીવંત હતી
ક્યાંક આનંદ, ક્યાંક ગ્લાનિ હતી
દોડતી સંવેદના માં સ્પંદન હતું
ખોબે ખોબે ઉલેચાતી યાદો થકી
હૃદય કેડી માં રાહ કંડરાતી હતી
પસાર થઈ ગયા અગણિત યુગ
પાષાણ થી પરમાણું નું સફર
કંઈક કારણ હશે જીવંત સૃષ્ટિ નું
ક્ષણ ક્ષણ ભ્રમે ભરમાતી હતી
જીવું આનંદે અનંત જીવંત ક્ષણો
વીતી ગયેલી પળો હાથ માં નથી
આવનારી પળો ની ખબર જ નથી
જીવ્યો ક્ષણ જે વર્તમાને મળી હતી.
માનસ- મહેશ શાહ.અમેરિકા
૨૦૨૧ ના અંતિમ દિવસો ને સમર્પિત....

# ફ્રિલાન્સ મહિલા પત્રકાર 'સરદાર વલ્લભભાઈ પટેલ આયર્ન એવોર્ડ' થી સન્માનિત



૧૭ વર્ષથી પત્રકારત્વ સાથે જોડાયેલા મેધા પંડ્યા ભટ્ટે પોતાના કરીયરની શરૂઆત ૨૦૦૪થી કરી હતી. જેમાં તેમણે ૨૦૧૨થી ફ્રિલાન્સ પત્રકાર તરીકેની સફરની શરૂઆત કરી હતી. તે સમયે એકસાથે ચાર કોલમની શરૂઆત થઇ હતી. ફૂલછાબ અને ગુજરાત ગાર્ડીયન બંને ન્યૂઝ પેપરની બે-બે પૂર્તિઓમાં જૂદા વિષયો પર લખવાની તેમને તક મળી હતી. જેમની સાથે આજેપણ તેઓ સતત નવ વર્ષથી જોડાયેલા છે અને હવે તેમની ફ્રિલાન્સ પત્રકારત્વની કરીયરનું આ દસમું વર્ષ છે. ૨૦૧૨માં ફ્રિલાન્સ તરીકે કાર્ય કરવાની શરૂઆત કર્યા બાદ તેમણે ફિલ્મી પત્રકાર તરીકે પોતાની કલમ કસી અને પોતાની નવ વર્ષની મુસાફરીમાં ૧૫૦૦થી પણ વધારે કલાકારોને તેઓ વ્યક્તિગત મળ્યા છે અને તેમના ઈન્ટરવ્યૂ કર્યા છે.

તેમણે નવ વર્ષના ફ્રિલાન્સ પત્રકારત્વની સફરમાં અનેક ન્યૂઝપેપર અને મેગેઝીનમાં જૂદા જૂદા વિષયોની કોલમ લખી. એક સમયે મહિનામાં ૩૦ કોલમ આવતી તેવી ઘટના પણ બની છે. આ મહેનત ના કારણે નવ વર્ષના સફર દરમિયાન ૫૦ થી પણ વધારે રાજકીય અને રાષ્ટ્રીય એવોર્ડ્સ મેળવ્યા. જેની સફર આજે પણ ચાલી જ રહી છે. ગુજરાતમાં તેઓ એકમાત્ર એવા મહિલા પત્રકાર છે, જે ફ્રિલાન્સ પત્રકાર તરીકે સફળ થયા છે અને તેમની વિવિધ વિષયો પર કોલમો પ્રકાશિત થઇ છે અને થઈ રહી છે.

તેમની ફૂલછાબમાં આવતી કોલમ સંબંધ પરથી એક પુસ્તક પણ પ્રકાશિત થયું અને તેને વાચકોએ પસંદ કર્યું, જેને પણ સારી સફળતા અને સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો. હાલમાં દિવ્યભાસ્કરના મેગેઝીન મધુરિમામાં પોતાના બોલ્ડ કન્ટેન્ટની કોલમને લઈને ગુજરાતમાં એકમાત્ર બોલ્ડ કન્ટેન્ટ ફિમેલ રાઈટર તરીકે ઓળખાઈ રહ્યા છે.

પત્રકાર તરીકેના ૧૮માં વર્ષમાં અને ફ્રિલાન્સ પત્રકાર તરીકે હવે દસમાં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે, ત્યારે તેમને તેમના કાર્ય બદલ ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ તરફથી સરદાર પટેલ આયર્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. થોડા સમય પહેલા દિલ્હીમાં પણ તેમને ફ્રિલાન્સ પત્રકાર અને લેખિકા તરીકે એક્સિલન્ટ અચિવર્સ એવોર્ડ પ્રાપ્ત થયો છે.



૨૦૨૨ના નવા વર્ષના પ્રથમ દિવસે દેત્રોજ તાલુકાની લક્ષ્મીપુરા(ડાંગરવા) પ્રાથમિક શાળાની મુલાકાતે જીલ્લાપંચાયત અમદાવાદના ભૂતપૂર્વ કારોબારી અધ્યક્ષ ,શ્રી મનુજી ઠાકોર .શાળાની બાળકોના શિક્ષણ માટેની જરૂરીયાત સ્માર્ટ ટીવીની ભેટ સરપ્રાઈઝ રૂપે એમના તરફથી મળીપ ગ્રામજનો અને શાળા પરિવારે ભેટ સહર્ષ ભેટ સ્વીકારી આભાર વ્યક્ત કર્યો.આ મુલાકાતમાં તાલુકા સદસ્ય ઝેણાજી ઠાકોર , પંચાયત સભ્ય ગણેશજી ઠાકોર , એસએમસી શિક્ષણવિદ લાભુજી ઠાકોર સહિત શિક્ષણપ્રેમી નાગરિકોની પ્રેરક ઉપસ્થિત એ સોનામાં સુગંધ ભળી..

# કોરોનામાં માતા-પિતા બંને ગુમાવનાર બાળકોને કલેક્ટર શ્રી સંદિપ સાગલે દ્વારા સહાય અર્પણ કરાઇ



અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે દ્વારા કોરાનાની બિમારીના કારણે માતા-પિતા બંને ગુમાવનાર ૧૮ થી નાની વયના ૫ બાળકોને સહાય અર્પણ કરવામાં આવી હતી. PM CARES ફોર ચિલ્ડ્રન સ્કીમ હેઠળ ૫ બાળકોને ૧૦ લાખ રૂપિયાના સહાયની પોસ્ટ એકાઉન્ટની પાસબુક આપવામાં આવી હતી. દસક્રોઈ તાલુકાના વહેલાલ ગામમાં રહેતા દંપતી સ્વ.રાજેશભાઇ અને મીનાક્ષીબેનનું જુલાઇ મહિનામાં કોરોનાની બીજી લહેરમાં કોરોનાથી સંક્રમિત થયા બાદ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતુ. આ દપંતિની માસુમ દિકરી વિશ્વાંગી(ઉ.વ. ૩.૫) અને દિકરા પ્રતિક(ઉ.વ. ૧૬) એ માતા-પિતાની છત્રછાયા ગુમાવી.

આ બંને બાળકોને માતા-પિતાની ખોટ વર્તાઇ રહી હતી સાથો સાથ જીવન ગુજરાન અને કારકિર્દી ઘડતર માટેના પ્રશ્ન પણ મુંઝવી રહ્યા હતા. હાલ આ બંને બાળકો તેમના કાકા શ્રી વિક્રમભાઇ પરમારની છત્રછાયા હેઠળ છે. મધ્યમવર્ગીય આ પરિવાર માટે બંને બાળકોનો શ્રેષ્ઠ ઉછેર કરીને તેમને પગભર કરવાનો ધ્યેય છે.

આ પરિસ્થિતિમાં "PM CARES ફોર ચિલ્ડ્રન સ્કીમ" હેઠળ મળેલી ૧૦ લાખ રૂપિયાની સહાય મધ્યમવર્ગીય પરિવાર માટે આશીર્વાદ રૂપ બની રહેશે.

ધોરણ ૧૧ આર્ટસમાં અભ્યાસ કરતા ૧૬ વર્ષીય પ્રતિક અભ્યાસ બાદ પોલીસ સેવામાં જોડાઇ દેશ અને સમાજસેવા કરવાનું સ્વપ્ન સેવી રહ્યા છે. સરકાર દ્વારા મળેલી સહાય શ્રેષ્ઠ શિક્ષણ અપાવવામાં , સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીમાં અને મારી કારકિર્દી ઘડતરમાં અત્યંત મહત્વની બની રહેશે તેવી લાગણી પ્રતિકે વ્યક્ત કરી હતી. વિક્રમભાઇ પરમારે વિશ્વાંગીને C.B.S.E. બોર્ડનું શિક્ષણ આપતી શાળામાં પ્રવેશ અપાવીને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા પગભર કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૮ થી નાની વયના આ ૫ બાળકોનું કલેક્ટરશ્રીના નોમિનેશન અંતર્ગત પોસ્ટમાં એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું છે. જેમાં ઉપરોક્ત નાણાકીય સહાય જમાં કરાવવામાં આવશે. બાળક ૧૮ વર્ષનું થયા બાદ જ આ રકમ ખાતામાંથી ઉપાડી શકાશે. પરંતુ આકસ્મિક સંજોગોમાં જિલ્લા કલેક્ટર શ્રી સાથે પરામર્શ કરીને તેમના હસ્તાક્ષર થી બાળકની આક્સમિક જરૂરિયાતમાં પણ આ રકમનો ઉપયોગ થઇ શકશે.

અમિતસિંહ ચૌહાણ

"ટીબી હારેગા ભારત જીતેગા"

# અમદાવાદને ટીબી મુક્ત કરવાના અભિયાનમાંલોકો જોડાય એ જરૂરી – સાંસદ શ્રી ડો.કિરીટભાઈ સોલંકી




સામજિક અને સેવાભાવી સંસ્થાઓના સહકારથી અમદાવાદ શહેર અને જિલ્લાને ટીબી મુક્ત કરવાના અભિયાનમાં સાંસદ શ્રી ડો. કિરીટભાઈ સોલંકીએ જણાવ્યું કે ટીબી એટલે ક્ષય રોગ... એક જમાનામાં એને રાજરોગ માનવામાં આવતો હતો. આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટીબીને હરાવવા માટે "ટીબી હારેગા ભારત જીતેગા" એ પ્રકારનો સંકલ્પ કર્યો છે. જયારેWHO એસમગ્ર વિશ્વમાંથી એક ટાર્ગેટ મુક્યો છેકે વર્ષ૨૦૩૦સુધીમાંસમગ્ર વિશ્વમાંથી ટીબી નાબુદ કરીશું ત્યારે આપણા દેશના વડાપ્રધાનશ્રીનો ધ્યેય છે કે વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતને ટીબી મુક્ત કરીશું. એ માટે સરકાર સાથે જન ભાગીદારીથી આપણે ગામ, શહેર અને રાજ્ય તથા દેશને અવશ્ય ટીબી મુક્ત કરી શકીશું. આ સંકલ્પને ચરિતાર્થ કરવા માટે આજે અમદાવાદમાંસ્કેલ અપ ઓફ ટ્રીટમેન્ટ એધેરંસ મેનેજમેન્ટ સીસ્ટમ MERM & TMEAD નો સેમીનાર યોજાયો હતો. એક નવી ટેક્નોલોજીના ઉપયોગથીતૈયાર કરવામાં આવેલ MERM બોક્સનું નિદર્શન કરવામાં આવ્યું હતું. બોક્સમાં ગોઠવવામાં આવેલા સીમ કાર્ડ દ્વારા દર્દીઓ સાથે નિયમિત સંપર્ક રાખવામાં આવશે તેઓ નિયમિત દવા સારવાર, જરૂરી પોષક આહાર લઈ રહ્યા છે કે નહિ તેનીતમામ વિગતોની જાણકારીની અહી એન્ટ્રી કરવામાં આવશે તથા માહિતીનું સેન્ટરપર મોનીટરીંગ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા ગુજરાત સહીત અન્ય રાજ્યોમાં પણ આ સારવાર નિશુલ્કપણે આપવામાં આવશે. જેમાંઅમદાવાદમાં ૧૨૦૦ દર્દીઓને MERMઅને૮૦૦ દર્દીઓનો TMEADબોક્ષહેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ગુજરાત સરકારના ટ્યુબરક્લોસીસ(ટીબી) ના ચીફ ડો. સતીષભાઈ મકવાણા, ડો. દિલીપભાઈ માવલણકર, ડો. દીપકભાઈ સક્સેના(ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર), ડો. યોગેશભાઈ પટેલ અને ડો. મલય શાહ (વર્લ્ડ હેલ્થ પાર્ટનર), અને મોટી સંખ્યામાં ડોકટરો, પેરા મેડીકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

-મનીષા પ્રધાન

# રાજ્ય સરકારના સહયોગથી વેન્ચુરા એરકનેક્ટ દ્વારા આંતર રાજ્ય હવાઈ સેવાઓનો પ્રારંભ

નાગરિક હવાઈ ઉડ્ડયન મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું છે કે બદલાતા સમયમાં હવાઈ મુસાફરીની માંગ વધી છે. એક સમય હતો કે જ્યારે લોકો માત્ર રેલ કે બસ સેવા પર જ નિર્ભર રહેતા હતા, પણ આજે ઝડપી યુગમાં લોકોની માંગ અને જરૂરિયત વધી છે. સાથે સાથે ઉધ્યોગ-ધંધા વધવાની સાથે વિકાસની ઝડપ પણ વધી છે ત્યારે યાતાયાતની સુવિધામાં હવાઈ સેવાનો ઉપયોગ પણ વધ્યો છે. આ પરિપ્રેક્ષ્યમાં રાજયના નાગરિકોને હવાઈક્ષેત્રે કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકારના ગુજસેલ તથા વેન્ચુરા એરકનેક્ટ દ્વારા સુરત એરપોર્ટથી આંતરરાજ્ય હવાઈ સેવાઓનો આજથી પ્રારંભ થયો છે. સુરતથી અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને અમરેલી સુધીની હવાઈસેવા શરૂ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૧મી સદી માસ ટ્રાન્સપોર્ટેશન અને આધુનિક ટેક્નોલોજીની સદી છે. ગામ ગામ વચ્ચે અને શહેર-શહેર વચ્ચે યાતાયાતની સુદ્રઢ સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. કોઈપણ શહેર, રાજ્ય અને દેશના વિકાસ માટે સૌપ્રથમ માસ ટ્રાન્સપોર્ટેશનનો વિકાસ જરૂરી છે. આજે વેપાર ઉદ્યોગ માટે એર કનેક્ટિવિટી અનિવાર્ય બની ચુકી છે. રાજ્યમાં આગામી સમયમાં ૩૫૦ કિ.મિ.ના રૂ ૧,૬૦૦ કરોડના ખર્ચે નવ પ્રગતિપંથવાળા રસ્તાઓનું નિર્માણ કરાનાર છે. પ્રવાસનો અને યાત્રાધામોમાં પણ લોકોની અવરજવર વધી છે ત્યારે ઝડપથી પહોંચવા એર કનિકટીવીટી શ્રેષ્ઠ વિકલ્પ છે. આવનારા દિવસોમાં અમદાવદથી ભુજ અને ભુજ થી અમદાવાદ ઉપરાંત અમદાવાદ રીવરફ્રન્ટથી કેવડીયા અને પરત માટેના આયોજનો છે. આગામી સમયમાં રાજયના દરેક તાલુકામાં હેલીપેડ બને તે પ્રકારનું આયોજન હાથ ધરાયું છે. છ જેટલા હેલીપોર્ટ પણ બનનાર છે. સાથે સાથે નાની મોટી ૧૫ થી ૧૭ જેટલી એર સ્ટ્રીપ માટે સર્વગ્રાહી આયોજન હાથ ધરાયું હોવાનું તેમણે ઉમેર્યું હતુ .

અત્રે ઉલ્લેખનીય છે ક, આંતરરાજ્ય હવાઈ સેવા પૂરી પાડતી સુરતની એરલાઈન્સ કંપની વેન્ચુરા એરકનેક્ટ લિ. દ્વારા તા.૧ જાન્યુ.૨૦૨૨ થી ૯ સીટર વિમાનો વડે સુરતથી અમદાવાદ, સુરતથી ભાવનગર, સુરતથી રાજકોટ અને સુરતથી અમરેલીએમ આ ૪ સેક્ટર પર દૈનિક ફ્લાઈટ શરૂ થઈ છે. રાજ્ય સરકાર દ્વારા એરલાઈન્સ કંપની વેન્ચુરા એરકનેકટ સાથે રાજ્યમાં વિવિધ શહેરોને પરસ્પર હવાઈમાર્ગે જોડવા માટે કરવામાં આવેલા કરાર અનુસાર આ ઝડપી હવાઈસેવા દુનિયામાં સૌથી સુરક્ષિત કેટેગરીમાં સામેલ એવા કેરેવાન દ્વારા પૂરી પાડવામાં આવશે. વેન્ચુરા શ્રી ઈશ્વરભાઈ ધોળકીયાએ જણાવ્યું હતું કે, આ સેવા અંતર્ગત વિમાન ૯ પેસેન્જર અને ૨ પાઈલોટ સાથે ઉડાન ભરશે અને સેકટર પ્રમાણે સુરતથી ભાવનગર ૩૦ મિનિટમાં, સુરતથી અમરેલી ૪૫ મિનિટમાં, સુરતથી અમદાવાદ ૬૦ મિનિટમાં અને સુરતથી રાજકોટ ૬૦ મિનિટમાં સફર પૂર્ણ થશે. રાજ્ય સરકારના સહયોગથી શરૂ થયેલી આ ઝડપી હવાઈસેવાનો ઈમરજન્સીના સમયે વૃદ્ધ-અશક્તો માટે તો ફાયદો થશે જ, સાથોસાથ ઉદ્યોગો, અને પ્રવાસનને પણ મોટો લાભ થશે. આ એરલાઈન્સનો તમામ વર્ગના લોકો લાભ લઈ શકે તે માટે પ્રારંભિક ધોરણે સંપૂર્ણ જાન્યુઆરી મહિના માટે તમામ સેકટર માટે એકસમાન રૂ. ૧૯૯૯ ટિકિટદર રાખવામાં આવ્યો છે.

# થર્ટી ફર્સ્ટમાં દારૂના જામ છલકાવતા બે નાયબ મામલતદાર ઝડપાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં વિદેશી દારૂનું અને ડી.જે પાર્ટીનું ચલણ વધી રહ્યું છે ગુજરાત પોલીસે થર્ટી ફર્સ્ટમાં વિદેશી દારૂ પીને છાકટા બનેલા નશેડીઓને ઝડપી પાડવા ડ્રાઇવ ચલાવવી પડી છે અને છેલ્લા બે દિવસમાં હજ્જારો લોકોને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં સરકારી બાબુઓ તેમના મિત્રો સાથે થર્ટી ફર્સ્ટીની ઉજવણીમાં માલપુરના અણીયોર નજીક આવેલા પેટ્રોલપંપ પાછળ દારૂના જામ છલકાવતા હોવાની જીલ્લા નાયબ પોલીસ અધીક્ષક ભરત બસિયાને બાતમી મળતા તાબડતોડ બાતમી આધારીત સ્થળે ત્રાટકી જીલ્લામાં ફરજ બજાવતા બે નાયબ માલમતદારને નશામાં મદમસ્ત બનેલી હાલતમાં દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અરવલ્લી જીલ્લાના બે નાયબ મામલતદાર પીધેલા ઝડપાતા મહેસુલ મંત્રીએ ખાતાકીય તપાસના આદેશ આપ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

મોડાસા પ્રાંત કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર જયમીન બાબુભાઇ પટેલ અને બાયડના નાયબ મામલતદાર નિલેશ અરવિંદભાઈ પટેલ તેમના મિત્ર વર્તુળ સાથે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા માલપુર તાલુકાના અણીયોર ગામ નજીક પેટ્રોલ પંપની પાછળ બનાવેલી ઓરડીમાં મહેફીલ જમાવી હતી સરકારી બાબુઓએ તેમના મિત્રો સાથે દારૂની પાર્ટી કરી રહ્યા હોવાની બાતમી અરવલ્લી ડીવાયએસપી ભરત બસીયાને મળતા તાબડતોડ તેમની ટીમ સાથે રેડ કરી બંને મામલતદારને દારૂ પીધેલી હાલતમાં ઝડપી લીધા હતા જો કે તેમની સાથે પાર્ટીમાં રહેલા અન્ય લોકોએ દારૂનો નશો કર્યો ન હોવાનું જણાઈ આવ્યા હતા ડીવાયએસપી ભરત બસીયાએ કોઈ પણ પ્રકારની શેહશરમ રાખ્યા વગર બંને બાબુઓને કાયદાનું ભાન કરાવતા બંને નાયબ મામલતદારના મોતિયા મરી ગયા હતા. પોલીસે બંને સરકારી અધિકારી પાસે દારૂની પરમીટ માંગતા તેઓ પાસે પરમીટ ન હોવાનું જણાયું હતું. જેથી પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.સરકારી બાબુઓ દારૂની મહેફિલ માણતા ઝડપાઇ જતા જીલ્લામાં વાયુવેગે વાત પ્રસરી હતી સરકારી બાબુઓએ જ દારૂબંધીની ઠેકડી ઉડાડતા સરકાર માટે મુશ્કેલી સર્જી હતી

## વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા મહાનુભાવોને એવોર્ડથી સન્માનિત કરાયા

# સ્વ.પદમ્શ્રી. મહેશ-નરેશ કનોડિયાને મળયા લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ

અમદાવાદ,૨૯ ડિસેમ્બર ૨૦૨૧- સામાજિક ક્ષેત્રે ભારતમાં કાર્યરત ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટસ કાઉન્સિલ ના સહયોગથી તાજેતરમાં સરદાર વલ્લભભાઈ પટેલ આયર્ન એવોર્ડ ૨૦૨૧ યોજાયો હતો. અમદાવાદમાં કોચરબ આશ્રમ નજીક આવેલા ટાગોર હોલ ખાતે આ એવોર્ડ સમારોહ યોજવામાં આવ્યો હતો.જે વિવિધ ક્ષેત્રના લોકોને એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.







આ એવોર્ડ સમારોહમાં ગુજરાતના ઈડર વિધાનસભા મતવિસતારના ધારાસભ્ય હિતુ કનોડીયા, પ્રદીપ ભાઈ પરમાર- સામાજિક ન્યાય વિભાગના કેબિનેટ મંત્રી, અમદાવાદ પૂર્વ લોકસભાના હસમુખભાઈ પટેલ સંસદસભ્ય મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તથા ગુજરાતી ફિલ્મ જગતના નામાંકિત કલાકારો જેવા કે પ્રતિમા ટી, જય વસાવડા, વત્સલાબેન પાટીલ, જીતેન્દ્ર ઠક્કર, દીપક અંતાણી, મોના થિબા કનોડિયા, જાનવી પટેલ, ફાલ્ગુની રાવલ, બંકિમ પાઠક, જનક ઠક્કર, ચેતન દહીયાં, અરવિંદ વેગડા, જયેન્દ્ર મેહતા, ભરત બારીયા, અક્ષય પટેલ, કોમલ પંચાલ, ભૂમિકા પટેલ, સુખદેવ ધામેલીયા, ભાવિન ભાવસાર, પાવન સોલંકી સહિતના મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. તથા પત્રકાર જગતના દેવાંગ ભટ્ટ, મેધા પંડ્યા ભટ્ટ, મિથુન ખમભેટે, મોનાલી ઠક્કર આ ઉપરાંત મોટી સંખ્યામાં સામાજિક કાયેકરો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલના ડો. સજ્ની શાહ સંસ્થાપકની અધ્યક્ષતામાં સરદાર વલ્લભભાઈ પટેલ આયર્ન એવોર્ડ્સનું આયોજન રાખવામાં આવેલ હતું.

ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ ભારતમાં વિશાળ વ્યાપક ધરાવતી સંસ્થા છે. જે સામાજિક કામગીરીમાં અગ્રેસર છે. અંદાજે ૧૯ લાખ જેટલા સભ્યો દેશભરમાં ૩૬ રાજ્યોમાં કાર્યરત છે. આ ઉપરાંત કાઉન્સિલના કેટલાક સભ્યો ભારત બહાર વિદેશમાં પણ કાર્યરત છે.

સરદાર વલ્લભભાઈ પટેલ આયર્ન એવોર્ડ દર વર્ષે આપવામા આવે છે. જે વકિલો, ડોક્ટર્સ, સામાજિક કાર્યકર્તાઓ, ફિલ્મ કલાકારો, રમત- ગમતના ખેલાડીઓ ઉપરાંત વિવિધ સંગઠનો અને સંસ્થાઓ સાથે જોડાયેલા આગેવાનો સહિતના વિવિધ લોકોને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે આપવામાં આવે છે.

ઈન્ટરનેશનલ હુમન રાઈટ્સ કાઉન્સિલના ગુજરાત ખાતે ૫ લાખ સભ્યોમાંથી મુખ્ય પદાધિકારીઓ સુનિલ ગામીત, પરેશ પટેલ, મેહુલ સવાણી, જીગ્નેશ પંડ્યા, નિરંજન શર્મા, વિશાલ ગુપ્તા, ગજેન્દ્ર રાજપુરોહિત, અઝીમ ખાન ઈત્યાદિ બધા હાજર હતા. જેમાં સંગીત અને હાસ્ય જગતનાં મહાન કલાકારોએ ઉપસ્થિત અતિથિગણોને પોતાની કલાથી મોહિત કર્યા હતા.

## સ્વર્ણિમ કલબ ગાંધીનગર દ્વારા

# પંચદેવ મંદીર ખાતે નવા વર્ષની ઉજવણી નિમિતે સવારે ૭ સૂર્ય પૂજા કાર્યક્રમ યોજાયો



ગાંધી નગર ની સ્વર્ણિમ કલબ દ્વારા ગાંધીનગર ખાતે પંચદેવ મંદીર સેક્ટર ૨૨ ખાતે નવા વર્ષની ઉજવણી નિમિતે સવારે ૭ વાગ્યે સૂર્ય પૂજા કાર્યક્રમ યોજાયો હતો જેમાં સૂર્ય દેવ ની પૂજા કરાઈ અને સૂર્યદેવ ને સંસ્થા ના પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ, નૅશનલ ચેરમેન શ્રી અક્ષય ભાઈ ઠક્કર, ડાયરેક્ટર શ્રી ડૉ ગુલાબચંદ પટેલ, ડાયરેક્ટર શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ, ઉપ પ્રમુખ શ્રી મંગળ સિંહ સોલંકી સેક્રેટરી શ્રી મહેન્દ્ર સિંહ સોલંકી, નોર્થ ઝોન ના શ્રી સંજીવ યાદવ, ભાનુપ્રસાદ, મહારાજ, શ્રીમતી ઉષા બેન ચૌહાણ,શ્રીમતી વિમલા બેન પટેલ,અને રાજકોટ થી પધારેલ પ્રોફેસર ડૉ કુંજાલ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ માં શ્રી રાધેશ્યામ ભાઈ યાદવ, નૅશનલ ચેરમેન શ્રી અક્ષય ભાઈ ઠક્કર, ડૉ ગુલાબચંદ પટેલ ડાયરેક્ટર દ્વારા પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમ માં શ્રી રાધેશ્યામ ભાઈ યાદવ ના જન્મદિન નિમિત્તે માવા ની કેક કાપી જન્મ દિવસ મનાવ્યો હતો

આ કાર્યક્રમ માં રાજકોટ ના અતિથિ પ્રોફેસર ડૉ કુંજાલ ત્રિવેદી નો પણ જન્મ દિવસ ઉજવાયો હતો, ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા તથા અક્ષય ભાઈ ઠક્કર ચેરમેન ઈંડિયન લાયન્સ, શ્રી રાધેશ્યામ ભાઈ યાદવ પ્રમુખ સ્વર્ણિમ કલબ દ્વારા શુભેચ્છા પાઠવી હતી અને મહારાજ શ્રી એ આશીર્વાદ આપ્યા હતા ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા પ્રમુખ શ્રી રાધેશ્યામ ભાઈ યાદવ નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને પ્રોફેસર ડૉ કુંજાલ ત્રિવેદી ને ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં શ્રી રાજીવ ગુપ્તા જી સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ સેક્ટર ૧૪ ગાંધીનગર અને શ્રીમતી ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ શ્રી રાજીવ ગુપ્તા જી દ્વારા કલબ નો વિકાસઃ કરવા સૌ સભ્યો એ તન મન ધન થી કાર્યકરી સાથ સહકાર આપવા સંકલ્પ લેવડાવ્યા હતા

ડૉ ગુલાબચંદ પટેલ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK